સ્ટેમ્પ લગાવવા માટે

# નમૂનો દ

## ઉત્ખનન પટ્ટાનો નમૂનો

[જુઓ નિયમ ૧૧ (૫)]

ના ખત સન ________ ના ____________ મહિનાની ________ તારીખે એક પક્ષે ગુજરાતના રાજ્યપાલ, (જેમનો આમાં હવે પછી 'રાજ્ય સરકાર' તરીકે ઉલ્લેખ કર્યો છે, અને તે શબ્દપ્રયોગમાં, સંદર્ભ ઉપરથી એવું મનાતું હોય ત્યાં તેમના અનુગામી હોદ્દેદારોનો અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ થયો ગણાશે) અને બીજે પક્ષે, નીચેનાની વચ્ચે, એટલેકે-

૧) *પટ્ટે રાખનાર એક જ વ્યક્તિ હોય ત્યારે*

(૧) (વ્યક્તિનું નામ) ____________

(સરનામું અને ધંધો) ____________

(જેમનો આમાં હવે પછી 'પટ્ટે રાખનાર' તરીકે ઉલ્લેખ કર્યો છે અને જે શબ્દ પ્રયોગમાં, સંદર્ભ, ઉપરથી એવું મનાતું હોય, ત્યાં તેના વારસો, એક્ઝીક્યુટરો, વહીવટદારો, પ્રતિનિધિઓ, અને પરવાનગી આપેલા નામફેર કરી લેનારાઓનો સમાવેશ થયો ગણાશે) ની વચ્ચે કરવામાં આવ્યું છે.

૨)-(૨) પટ્ટા રાખનાર એક કરતાં વધારે વ્યક્તિઓ હોય ત્યારે

(૧) (વ્યક્તિનું નામ) ____________

(સરનામું અને ધંધો) ____________ અને,

(વ્યક્તિનું નામ) ____________

(સરનામું અને ધંધો) ____________

અને,

(૨) (વ્યક્તિનું નામ) ____________

(જેમનો આમાં હવે પછી 'પટ્ટો રાખનાર' તરીકે ઉલ્લેખ કર્યો છે અને જે શબ્દપ્રયોગમાં, સંદર્ભ ઉપરથી એવું મનાતું હોય, ત્યાં પોતપોતાના વારસો, એક્ઝીક્યુટરો, વહીવટદારો, પ્રતિનિધિઓ અને પરવાનગી આપેલા નામફેર કરી લેનારાઓનો સમાવેશ થયો ગણાશે) ની વચ્ચે કરવામાં આવ્યું છે.

૩)-(૩) પટ્ટે રાખનાર સિન્ડીકેટ અથવા રજિસ્ટર થયેલી પેઢી હોય ત્યારે

(૨) અને (૩) (વ્યક્તિનું નામ) ____________

અને (વ્યક્તિનું નામ) ____________

(સરનામું) ____________

અને (વ્યક્તિનું નામ) ____________

સરનામું ____________

જેઓ બધા (જે અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલા હોય તે અધિનિયમ) ____________ મુજબ રજિસ્ટર થયેલી (પેઢી અથવા સિન્ડિકેટનું નામ) ____________

ના નામે (પેઢી અથવા સિન્ડિકેટનું સરનામું) ____________

સ્થળે ભાગીદારીમાં ધંધો કરે છે. તેઓ (જેમનો આમાં હવે પછી 'પટ્ટે રાખનાર' તરીકે ઉલ્લેખ કર્યો છે અને જે શબ્દપ્રયોગમાં, સંદર્ભ ઉપરથી એવું મનાતું હોય, ત્યાં સદરહુ પેઢીના સઘળા ભાગીદારો, તેના પ્રતિનિધિઓ વારસો, એક્ઝીક્યુટરો, વહીવટદારો અને પરવાનગી આપેલા નામફેર કરી લેનારાઓનો સમાવેશ થયો ગણાશે) ની વચ્ચે કરવામાં આવ્યું છે.

(૪)-(૪) પટ્ટે રાખનાર રજસ્ટર થયેલી કંપની હોય ત્યારે

(૩) અને (૪) (કંપનીનું નામ

_______________ (જે અધિનિયમ હેઠળ સંસ્થાપિત થયેલી હોય તે અધિનિયમ) મુજબ રજિસ્ટર થયેલી કંપની અને તેની રજિસ્ટર થયેલી ઓફીસ (સરનામું) _______________ સ્થળે આવેલી છે. (જેનો આમાં હવે પછી 'પટ્ટે રાખનાર' તરીકે ઉલ્લેખ કર્યો છે અને શબ્દપ્રયોગમાં, સંદર્ભ ઉપરથી એવું મનાતું હોય, ત્યાં તેના અનુગામીઓ અને પરવાનગી આપેલા નામફેર કરી લેનારાઓનો સમાવેશ થયો ગણાશે) ની વચ્ચે કરવામાં આવ્યું છે.

વાસ્તે, પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ અહિ નીચે જણાવેલી અનુસૂચિના ભાગ-૧માં વર્ણવેલી, જમીનના સંબંધમાં _______________ સારૂ ઉત્ખનન પટ્ટા માટે ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ (જેનો આમાં હવે પછી 'સદરહુ નિયમો' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર સંબંધ ધરાવતા યોગ્ય અધિકારીને અરજી કરી છે અને જામીનગીરી તરીકે રૂ. _______________ ની રકમ રાજ્ય સરકાર પાસે અનામત મૂકી છે અને વાસ્તે ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ નિયામકે (નિર્દિષ્ટ કરેલી ગૌણ ખનીજોના દાખલામાં) આ પટ્ટો આપવાનું મંજૂર કર્યાનું જણાવ્યું છે.

હવે, આ ખતથી, એવું ઠરાવવામાં આવે છે કે, આ લેખથી અને તેમાં નીચે લખેલી, રાખેલી અને જણાવેલ અનુસૂચિથી ઠરાવેલા અને પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ ભરવાના ભાડા તથા રોયલ્ટી, પાળવાની કબૂલાતો અને કરારનામાં અને અવેજમાં, રાજ્ય સરકાર આથી, પટ્ટે રાખનારને/પટ્ટે રાખનારાઓએ સદરહુ અનુસૂચિના ભાગ-૨માં જણાવેલા હક, સત્તા અને વિશેષાધિકારો વાપરવા અને ભોગવવા સંબંધી મર્યાદાઓ અને શરતોને આધીન રહીને, સદરહુ અ - ા ર ા િ ર ા ા ા ભાગ-૩માં આ અંગે જણાવેલ હકો, સત્તાઓ અને વિશેષાધિકારો વાપરવા તથા ભોગવવા સહિત, સદરહુ અનુસૂચિના ભાગ-૧માં ઉલ્લેખેલી જમીનોની નીચે આવેલી અથવા તેની અંદર હોય તેવા _______________ (અહીં ખનીજ અથવા ખનીજો જણાવવી) (જેનો આમાં હવે પછી આ અનુસૂચિમાં સદરહુ ખનીજો તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના ખાણકામો/ખાણના થર/માર્ગ અને પડ મંજૂર કરે છે અને આપે છે. પરંતુ ભાગ-૪માં જણાવેલા સ્વતંત્રતા, સત્તા અને વિશેષાધિકારો રાજ્ય સરકાર માટે અનામત રાખીને સન ૧૯ ______ ના ______ મહિનાની ______ તારીખથી ત્યાર પછી આવતા..........વર્ષની મુદત માટે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓને આપેલી જગાઓ ધારણ કરવાને અને તે મ, સદરહુ અનુસૂચિના ભાગ-૫માં જણાવેલી જુદા જુદા ભાડા અને રોયલ્ટી, સદરહુ અનુસૂચિના ભાગ-૬માં જણાવેલી જોગવાઈઓને આધીન રહીને તેમાં નિર્દિષ્ટ કરેલા સમયે રાજ્ય સરકારને ભરવા પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ આથી, સદરહુ અનુસૂચિના ભાગ- ૭માં જણાવ્યા મુજબ, રાજ્ય સરકાર સાથે કરાર કરે છે અને રાજ્ય સરકાર, આથી સદરહુ અનુસૂચિના ભાગ-૮મા જણાવ્યા મુજબ પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ સાથે કરાર કરે છે અને આથી સદરહુ અનુસૂચિના ભાગ-૯ માં, જણાવ્યા મુજબ આ પક્ષકારો વચ્ચે પરસ્પર કબૂલ કરવામાં આવે છે.

આની સાક્ષી તરીકે આ ખત પ્રથમ ઉપર લખેલા વર્ષમાં અને તારીખે નીચેની રીતે કરવામાં આવે છે.

ઉપર ઉલ્લેખેલી અનુસૂચિ-

## ભાગ ૧ લો

### *આ પટ્ટાનો વિસ્તાર*

*પટ્ટાની જગ્યાનું સ્થળ અને વિસ્તાર*

_______________ જિલ્લા અને _______________ પેટા જિલ્લા_______________ ના રજિસ્ટ્રેશન જિલ્લામાં _______________ (મહાલ તાલુકા)ના ગામ /નગરમાં _______________ આવેલ (વિસ્તાર અથવા વિસ્તારોનું વર્ણન) ના સર્વે નંબરો /ક્રા.સ. નંબર/ફોરેસ્ટ કુપ નંબર _______________ વાળા અને _______________ વિસ્તારવાળા/અથવા આ સાથે જોડેલા પ્લાનમાં રેખાકૃતિ દોરેલ અને _______________ રંગમાં બતાવેલી આશરે _______________ વિસ્તારની જમીનોનો સઘળો પ્રદેશ (જેનો આમાં હવે પછી 'સદરહુ જમીન' તરીકે ઉલ્લેખ કર્યો છે તેની) ની ચતુઃસીમા નીચે પ્રમાણે છે :-

ઉત્તરે _______________

દક્ષિણે _______________

પૂર્વે અને _______________

પશ્ચિમે _______________

## ભાગ ૨ જો

### *ભાગ ૩ ની મર્યાદા અને શરતોને આધીન રહીને પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓને વાપરવાની અને ભોગવવાની સ્વતંત્રતા, સત્તા અને વિશેષાધિકારો.*

*જમીનમાં દાખલ થવા અને ખનીજ શોધી કાઢવા, મેળવવા વગેરે બાબત.*

૧. આથી પટ્ટે આપેલી મુદત દરમિયાન સઘળા સમયે, સદરહુ જમીનમાં દાખલ થવાની અને સદરહુ ખનીજ/ખનીજો શોધી કાઢવાની ખોદવાની ઉત્ખનન કામ કરવાની, શારકામ કરવાની, ખોદવાની, મેળવવાની, સાફ કરવાની તેના ઉપર પ્રક્રિયા કરવાની, રૂપાંતર કરવાની, લઈ જવાની અને તેનો નિકાલ કરવાની સ્વતંત્રતા અને સત્તા.

*ખાડા અને પોલાણો ખોદવા અને કરવા બાબત.*

૨. આ ભાગમાં જણાવેલા હેતુઓ પૈકી કોઈપણ હેતુ સારૂ અથવા તેના સંબંધમાં સદરહુ, જમીનમાં કોઈપણ ખાડા, પોલાણ, ઢાળ, સુરંગ, સપાટી, જળમાર્ગો અને બીજા કામો ખોદવા, કરવા, નિભાવવા અને તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા અને સત્તા.

*યંત્રસામગ્રી વગેરે લાવવા અને તેનો ઉપયોગ કરવા બાબત.*

૩. આ ભાગમાં જણાવેલા હેતુઓ પૈકી, કોઈપણ હેતુ સારૂ અથવા તેના સંબંધમાં, સદરહુ જમીન ઉપર અથવા તેની નીચે કોઈપણ એન્જિન, મશીનરી, પ્લાન્ટ, ડ્રેસીંગ ફ્લાવાર્સ, ભઠ્ઠીઓ, ઈંટવાડો (ઈંટ પકવવાની ભઠ્ઠી) વર્કશોપ, સ્ટોર હાઉસ બંગલા, ગોદામ, છાપરાં અને બીજાં બાંધકામ અને જમીન ઉપરના અથવા તેની હેઠળ તેવા જ પ્રકારના બીજા કામો ઊભાં કરવાની બાંધવાની જાળવવાની અને તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા અને સત્તા.

*રસ્તા અને માર્ગો વગેરે બનાવવા અને રસ્તા અને માર્ગોનો ઉપયોગ કરવા બાબત.*

૪. આ ભાગમાં જણાવેલા હેતુઓ પૈકી કોઈપણ હેતુ સારૂ અથવા તેના સંબંધમાં કબૂલ કરવામાં આવે તેવી શરતોની સદરહુ જમીનોમાં અને તેની ઉપર કોઈપણ ટ્રામવે, રેલમાર્ગ, રસ્તા અને બીજા માર્ગો બનાવવાની અને તેના ઉપર (અથવા સદરહુ જમીનોમાં અથવા તેની ઉપર કોઈપણ ચાલુ ટ્રામવે, રેલમાર્ગ, રસ્તા અને બીજા માર્ગો) ઘોડા, ઢોર, વેગનો, લોકોમોટિવ અથવા બીજા વાહનોના ઉપયોગ કરવાની, રાખવાની અને ઘોડા, ઢોર, વેગનો, લોકોમોટિવ અથવા બીજા વાહનો લઈને અથવા તે વગર જવાની અથવા પાછા જવાની સ્વતંત્રતા અને સત્તા.

*મકાન અને રસ્તાનો માલ-સામાન મેળવવા બાબત.*

૫. આ ભાગમાં જણાવેલ હેતુઓ પૈકી કોઈપણ હેતુઓ સારૂ અથવા તેના સંબંધમાં નિયમોમાં ઠરાવેલી રોયલ્ટી ભર્યેથી બાંધકામ માટેના સામાન્ય પથ્થરો અને કાંકરા (અને નિર્દિષ્ટ કરેલી ગૌણ ખનીજ સિવાયને) *બીજા મકાન અને રસ્તાનો માલ-સામાન અને સાધારણ માટી ખોદી કાઢવાની અને મેળવવાની અને તેના ઉપયોગ કરવાની અને તે કામમાં લેવાની અને એવી સાધારણ માટીમાંથી ઈંટો અથવા લાદી બનાવવાની અને એવી ઈંટો અથવા લાદીનો ઉપયોગ કરવાની પણ એવી બનાવેલી ઈંટો અથવા લાદીઓ ન વેચવાની સ્વતંત્રતા અને સત્તા.

*(પટ્ટો નિર્દિષ્ટ કરેલી ગૌણ ખનીજ માટે હોય તો કૌંસમાં જણાવેલા ભાગ કાઢી નાખવો.)

*ઝરા વગેરેનું પાણી વાપરવા બાબત.*

૬. આ ભાગમાં જણાવેલા હેતુઓ પૈકી કોઈપણ હેતુ સારૂ અથવા તેના સંબંધમાં પણ કોઈપણ વિદ્યમાન અથવા ભાવી પટ્ટે રાખનારાઓના હકોને આધીન, રહીને અને ____________________ (તે અર્થ રાજ્ય સરકારે અધિકૃત કરેલો કોઈ પણ અધિકારીની) લેખીત પરવાનગી લઈને, સદરહુ જમીનમાંના અથવા તેની ઉપરના કોઈપણ ઝરા, અથવા જળમાર્ગો, ઝરણાં અથવા બીજા સાધનોમાંથી પાણાનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની અને એવા કોઈપણ ઝરા અથવા જળમાર્ગોનો પ્રવાહ વાળવાની પાળ કે ડેમ બાંધવાની અથવા અટકાવવાની અને તેવું કોઈપણ પાણી એકઠું કરવાની અથવા અટકાવવાની અને કોઈ પણ ખેડેલી જમીનો, ગામો, મકાનો અથવા પશુઓને પાણી પીવા માટેના હવાડાને પહેલાં મળતો પાણીનો વાજબી પૂરવઠો અટકાવવામાં ન આવે તો તેવી રીતે તેમજ કોઈપણ ઝરા અથવા ઝરણાનું પાણી કોઈ પણ રીતે ગંદુ થાય અથવા બગડે નહિ તેવી રીતે કોઈપણ જળમાર્ગ, ગરનાળું, ગટર અથવા જળાશય બનાવવાની, બાંધવાની અને નિભાવવાની સ્વતંત્રતા અને સત્તા પરંતુ પટ્ટે રાખનારો/પટ્ટે રાખનારાઓએ ઝરામાં જઈ શકે તેવા વહાણોને જવા/આવવામાં અડચણ કરવી નહિ તેમજ રાજ્ય સરકારની અગાઉથી લેખીત પરવાનગી લીધા સિવાય એવા ઝરણાનું પાણી વાળવું નહિ.

*ગંજ બનાવવા, ઢગલા કરવા અથવા રાખી મુકવાના હેતુ જમીનનો ઉપયોગ કરવા બાબત.*

૭. ખાણોમાંથી, ખોદકામમાંથી અથવા ચાલતા બીજા કામોમાંથી મળતા કોઈપણ ઉત્ખનના અને કોઈપણ ઓજારો, સાધનસામગ્રી માટી અને માલસામાન અને આ ભાગમાં જણાવેલી સ્વતંત્રતા અને સત્તા હેઠળ ખોદી કાઢેલા અથવા કાઢેલા પદાર્થોના ગંજ બનાવવાના, ઢગલો કરવાના, સંગ્રહ કરવાના, રાખી મુકવાના હેતુ માટે સદરહુ જમીનમાં દાખલ થવાની અને તે જમીનની સપાટીના પૂરતા ભાગનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા અને સત્તા.

*પ્રાપ્ય લાભ બાબત અને ઉત્પાદન લઈ જવા બાબત.*

૮. સદરહુ જમીનોમાંથી ઉત્પન્ન થયેલી સદરહુ ખનીજોનો ઉપયોગ કરવા, તેના ઉપર પ્રક્રિયા કરવા, તે સાફ કરવા, સદરહુ જમીનમાંથી ઉત્પન્ન થયેલી સદરહુ ખનીજોનું રૂપાંતરિત કરવા અને એવા ઉપયોગી/પ્રક્રિયા કરેલી, સાફ કરેલી, રૂપાંતર કરેલી ખનીજ/ખનીજો લઈ જવાને સદરહુ જમીનમાં દાખલ થવાની સદરહુ જમીનના પૂરતા ભાગનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા અને સત્તા.

*ઝાંડી-ઝાંખરા કાઢી નાંખવા અને ઝાડો કાપી નાંખવા અને તેનો ઉપયોગ કરવા બાબત.*

૯. આ ભાગમાં જણાવેલા હેતુઓ, પૈકી કોઈપણ હેતુ માટે અથવા તેના સંબંધમાં, સદરહુ જમીનોમાં આવેલા સંરક્ષિત જંગલની જમીન ઉપર હાલમાં ઉભા હોય અથવા હવે પછી ઉગવાના હોય તેવા કોઈપણ ઈમારતી લાકડાના વૃક્ષો અથવા ઝાડો અથવા ઝાડી-ઝાંખરા કાપવાની અને તેનો ઉપયોગ કરવાની, સ્વતંત્રતા અને સત્તા, પરંતુ કોઈપણ એક જ વર્ષમાં, તેમજ દર વર્ષે એક કરતાં વધારે વારે એક જ સ્થળમાં એવી સંરક્ષિત જંગલની જમીનના ____________________ ચોરસ મીટર/વીઘા કરતાં વધારે ન હોય તેટલી જમીન સાફ કરવી નહિ અને તે સમયે વિભાગીય વન અધિકારી (Divisional Forest Officer) (જેનો આમાં હવે પછી 'વિભાગીય વન અધિકારી' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તેની અગાઉથી લેખિત પરવાનગી મેળવેલી હોવી જોઈએ. પટ્ટે રાખનારને/પટ્ટે રાખનારાઓને આ પટ્ટા હેઠળ ખાણકામ/ઉત્ખનના ખરેખરા કામ માટે અને તે તાત્કાલિક વિસ્તારવા માટે વધારાના વિસ્તારની જરૂર છે એવી મતલબની પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારઓની લેખીત અરજી મળ્યેથી સદરહુ વિભાગીય વન અધિકારીએ એકી સાથે ____________________ હેક્ટર કરતાં વધારે ન હોય તેટલા વિસ્તાર માટે વખતોવખત એવી પરવાનગી આપવી. વળી એવું ઠરાવ્યું છે કે આ ખંડમાં જણાવેલી સ્વતંત્રતા અને સત્તા આ અનુસૂચિના બીજા ભાગમાં જણાવેલી શરતોનું પાલન કરવાને આધીન રહેશે.

## ભાગ ૩ જો

### *ભાગ ૨માં જણાવેલા સ્વતંત્રતા, સત્તા અને વિશેષાધિકારો ચલાવવા સંબંધી મર્યાદા અને શરતો*

*અમુક સ્થળ ઉપર કોઈપણ મકાન વગેરે બાંધવા નહિ.*

૧. કોઈપણ જાહેર મનોરંજનના મેદાનમાં, દફન ભૂમિમાં અથવા કોઈપણ વર્ગની વ્યક્તિઓ પવિત્ર હોય તેવા સ્થળમાં અથવા કોઈપણ ઘર અથવા ઘરથારમાં, જાહેર રસ્તામાં અથવા રાજ્ય સરકાર સાર્વજનિક મેદાન તરીકે નક્કી કરે તેવા બીજા સ્થળમાં અથવા તેની ઉપર કોઈપણ મકાન, અથવા વસ્તુ બાંધવી નહિ, ઊભી કરવી નહિ અથવા મુકવી નહિ અને કોઈપણ સપાટીના કામ કરવા નહિ તેમજ કોઈપણ મકાન, કામ, મિલકતને હાનિ પહોંચે અથવા બીજી વ્યક્તિઓના હકોને બાધ આવે તેવી રીતે તે બાંધવી નહિ, ઊભી કરવી નહિ અને આ પટ્ટામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હોય તેવા કામ અથવા હેતુઓ માટે રાજ્ય સરકાર સિવાયની બીજી વ્યક્તિઓના ભોગવટામાં હોય તેવી કોઈપણ જમીન સપાટીના કામ સારૂ ઉપયોગ કરવો નહિ. પટ્ટે રાખનારે, રસ્તો, કુવો, અથવા ટાંકીના કોઈપણ હક્ક માટે હરકત કરવી નહિ.

*ઉપયોગ ન હોય તેવી જમીનમાં સપાટીના કામો સારું પરવાનગી આપવા બાબત.*

૨. જે કોઈ જમીનનો સપાટીના કામ સારૂ અગાઉ ઉપયોગ કરવામાં આવ્યો ન હોય તે કોઈ જમીનનો તેવા કામ માટે ઉપયોગ કરવામાં આવે તે પહેલા, પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ, તે જમીનનો તેવી રીતે ઉપયોગ કરવા ધાર્યું હોયતે જમીનના નામ, તે ક્યા સ્થળેં આવેલી છે તે સ્થળનું નામ, અને તેનો કેટલો વિસ્તાર છે, તે અને ક્યા હેતુ માટે જમીન જોઈએ છે, તે નિર્દિષ્ટ કરતી લેખિત નોટિસ સાઠ દિવસ અગાઉ યોગ્ય અધિકારીને, અને જિલ્લા કલેક્ટરને આપવી અને જો યોગ્ય અધિકારી અથવા જિલ્લા કલેક્ટર એવી નોટિસ મળ્યા પછી એક મહિનાની અંદર વાંધો ઉઠાવે તો, સદરહુ જમીનનો એવી રીતે ઉપયોગ કરવો નહિ, સિવાય કે તેવી રીતે જણાવેલા વાંધા રાજ્ય સરકારને મોકલવામાં આવેથી રદ કરવામાં આવ્યા હોય અથવા જતા કરવામાં આવ્યા હોય.

*અનામત પટ્ટે રાખેલી જમીનમાંના ઝાડો કાપવા બાબત.*

૩. ક. પટ્ટે રાખનારે, યોગ્ય અધિકારીની લેખિત પૂર્વ મંજૂરી લીધી સિવાય પટ્ટે આપેલા વિસ્તારમાંનું કોઈપણ ઝાડ કાપવું નહિ અથવા તેને નુકશાન કરવું નહિ.

સ્પષ્ટીકરણ - 'વૃક્ષ' માં છોડવા, ઝાડી અને સૌરાષ્ટ્રમાં વૃક્ષો કાપી નાખવા (માટે સજા કરવા) બાબતના અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ ના સૌરાષ્ટ્ર અધિનિયમ નંબર-૧૭) ની કલમ ૨ના ખંડ (ક) મુજબ રાજ્યપત્રમાં સરકાર જાહેર કરે તેવી બીજી જાતોનો સમાવેશ થશે નહિ.

ખ. પેટા-ખંડ (ક) માં ગમે તે મજકૂર હોય છતાં, પટ્ટે રાખનારે, વિભાગીય વન અધિકારી અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલા અધિકારીની અગાઉથી લેખિત મંજૂરી લીધા સિવાય અનામત રાખેલા/રક્ષિત જંગલની અંદર આવતા પટ્ટે આપેલા વિસ્તારમાંનું કોઈપણ વૃક્ષ કાપવું નહિ અથવા તેને નુકશાન પહોંચાડવું નહિ.

*અનામત રાખેલા જંગલોમાં દાખલ નહિ થવા બાબત.*

૪. આ અનુસૂચિના ભાગ-૨ ના ખંડ-૯માં જોગવાઈ કરી હોય તે સિવાય, પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ વિભાગના વિભાગીય વન અધિકારીની સ્પષ્ટ મંજૂરી લીધા સિવાય સદરહુ જમીન ઉપર કોઈપણ ઈમારતી લાકડું અથવા વૃક્ષ કાપવાં નહિ અથવા તેને નુકશાન કરવું નહિ. પણ એવી મંજૂરી લીધા સિવાય આ લેખથી અધિકૃત કરેલા કોઈપણ કામમાં જેનાથી હરકત થાય તેવા કોઈપણ ઝાડી, ઝાંખરા અથવા છોડવા કાઢી નાંખી શકશે અને આ અનુસૂચિમાં ગમે તે મજકૂર હોય તે છતાં, વિભાગીય વન અધિકારીએ સાત દિવસ અગાઉ લેખિત નોટિસ આપ્યા સિવાય તેમજ તે અધિકારીની લેખિત મંજૂરી મેળવ્યા સિવાય તેમજ તે અધિકારી પોતાના મુનસફી મુજબ ઠરાવે તેવી શરતો પ્રમાણે હોય તે સિવાય બીજી રીતે સદરહુ જમીનમાં સમાવિષ્ટ થયેલા કોઈપણ અનામત રાખેલા જંગલમાં દાખલ થવું નહિ.

*જાહેર બાંધકામ વગેરેના ૫૦ મીટરની અંદર કોઈપણ ખાણ ખોદવાનું કામ કરવું નહિ.*

૫. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ સંબંધ ધરાવતા રેલ્વે તંત્રની અગાઉથી લેખીત પરવાનગી લીધી સિવાય કોઈપણ રેલ્વે લાઈનની હદથી અથવા સરકારની અથવા સરકારે આ અર્થે અધિકૃત કરેલા બી· કોઈપણ અધિકારીની અગાઉથી પરવાનગી લીધા સિવાય અને એવી પરવાનગી સાથે જોડવામાં આવે તેવા સામાન્ય અથવા ખાસ સૂચનો, નિબંધો અને શરતો પ્રમાણે હોય તે સિવાય બીજી રીતે કોઈપણ રીતે જળાશય, નહેર આવા બીજા જાહેર બાંધકામ અથવા મકાનો અથવા રહેવાની, જગાની હદથી જો કોઈપણ સુરંગ ફોડવામાં આવે તો ૫૦ મીટરના અને સુરંગ ફોડવામાં આવે તો ૨૦૦ મીટરના અંદરના કોઈ સ્થળે અથવા તે સ્થળ સુધી કોઈપણ ઉત્ખનન કામ અથવા ખાણકામ કરવું નહિ અથવા ચલાવવું નહિ અથવા કરવા દેવું નહિ અથવા ચલાવવું દેવું નહિ. ૫૦ મીટર અથવા ૨૦૦ મીટરનું સદરહુ અંતર રેલ્વે, જળાશય અથવા નહેરના દાખલામાં, કિનારાની બહારના ભાગથી અથવા કાપણીનું કામ કરવામાં આવ્યું હોય તો તેની બહારની બાજુએથી અને ઈમારત ના દાખલામાં, તેની ઉભણીથી સીધી લીટીએ માપવું.

સ્પષ્ટીકરણ :- આ ખંડના હેતુઓ સારૂં 'રેલ્વે તંત્ર' એ શબ્દ પ્રયોગનો અર્થ, ભારતીય રેલ્વે અધિનિયમ, ૧૮૯૦ ની કલમ ૩ની પેટા કલમ (૪) રૂએ તેની જે વ્યાખ્યા કરી છે તે જ અર્થ થશે. જાહેર માર્ગ એટલે, જે માર્ગ બાંધવામાં આવ્યો હોય અથવા જેના ઉપર વારંવાર ઉપયોગ કરવાને કારણે પડેલા પાટાથી ભિન્ન હોય એવી કૃત્રિમ સપાટી કરવામાં આવી હોય તેવી કોઈ રસ્તો.

*સરકારી લાઈસન્સો અને પટ્ટાઓ જોડવાની સગવડો.*

૬. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ ધરાવેલી જમીનમાં સમાવિષ્ટ થતી હોય અથવા તેની નજદીકમાં હોય અથવા જે જમીનમાં થઈને જવાનું હોય તે જમીનના પટ્ટે રાખનારને/પટ્ટે રાખનારાઓએ વર્તમાન અને ભાવી સરકારી લાઈસન્સો અથવા પટ્ટા ધરાવનારાઓને તેમાં આવ-જા કરી શકાય તેવી વાજબી સગવડો આપવી.

પરંતુ એવા લાઈસન્સ ધરાવનારાઓએ અથવા પટ્ટે રાખનારાઓએ આ ખત હેઠળ પટ્ટે રાખનારાઓના કામમાં કોઈપણ મહત્વની હરકત કરવી નહિ અથવા દખલગીરી કરવી નહિ અને પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ અને આવા ધારણ કરનારાઓ વચ્ચે પરસ્પર કબુલ કરવામાં આવે તેટલું વળતર અને મતભેદ થાય તે પ્રસંગે આવી સ્વતંત્રતાને કારણે અથવા એવી સ્વતંત્રતા રૂએ પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ ભોગવેલી સઘળી ખોટ અથવા નુકશાનના સંબંધમાં એવું વાજબી યોગ્ય અધિકારી દ્વારા અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલ બીજા કોઈ અધિકારી દ્વારા નક્કી કરી શકાશે.

૭. જો સદરહુ જમીન અથવા તેનો ભાગ જંગલની જમીન હોય તો પટ્ટે રાખનારે, ઢાળ સરખા કરવાને અને જે જમીનમાં ખોદકામ કર્યું હોય, જેમાંથી ખનીજો કાઢી હોય અથવા જેમાં ખાણકામ કર્યું હોય તે જમીન પૂર્વવત કરવાને સઘળા વાજબી પગલાં લેવા અને પટ્ટો ચાલુ હોય તે દરમિયાન પણ સરકારે એવી જમીનમાં વનવૃદ્ધિ કરી શકશે.

## ભાગ ૪ થો

### *રાજ્ય સરકાર માટે અનામત રાખેલી સ્વતંત્રતા, સત્તા અને વિશેષાધિકારો*

*બીજી ખનીજો કાઢવા બાબત.*

૧. રાજ્ય સરકાર અથવા કોઈપણ પટ્ટે રાખનારાઓ અથવા તે અર્થે તેણે અધિકૃત કરેલી વ્યક્તિઓને સદરહુ જમીનમાં દાખલ થવાની અને સદરહુ ખનીજો સિવાયની બીજી કોઈ ખનીજો તથા બીજા કોઈપણ દ્રવ્યો શોધવા, મેળવવા, ખોદી કાઢવા, નરમ કરવા, સાફ કરવા, તેના પર પ્રક્રિયા કરવા, તેનું રૂપાંતર કરવા અને લઈ જવા માટે અને તે હેતુ સારૂ જરૂરી અથવા અનુકૂળ જણાય તેવા ખાડા, પોલાણો અથવા ઢોળાવ પૂરવા, ખાણમાંનો માર્ગ, સપાટી અને બીજી લાઈનો બનાવવા, જળમાર્ગ, હવાઈ માર્ગ, જળપ્રવાહ, ગટરો, જળાશયો બાંધવા, એન્જિનો, મશીનરી, પ્લાન્ટ, મકાનો, નહેરો, ટ્રામવે, રેલ્વે રસ્તાના માર્ગો અને બીજા કામો ખોદાવવા, નિભાવવા અને તેનો ઉપયોગ કરવા માટેની સ્વતંત્રતા અને સત્તા :

પરંતુ એવી સ્વતંત્રતા અને સત્તાની રૂએ, આ ખત હેઠળ પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓની સ્વતંત્રતા, સત્તા અને વિશેષાધિકારીને કોઈપણ મહત્વની હરકત કરવી નહિ અથવા તેમાં દખલગીરી કરવી નહિ અને પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ, તેમની વચ્ચે પરસ્પર કબુલ કરવામાં આવે તેટલું વળતર અથવા મતભેદ થાય તે પ્રસંગે, એવી સ્વતંત્રતા અને સત્તાને કારણે અથવા પરિણામે અથવા તેની રૂએ પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ ભોગવેલી સઘળી ખોટ અથવા નુકશાનના સંબંધમાં યોગ્ય અધિકારી અથવા રાજ્ય સરકારે નિમલા બીજા કોઈ અધિકારી નક્કી કરે તેટલું વાજબી વળતર મેળવવા હકદાર થશે.

*રેલ્વે અને માર્ગ બનાવવાં બાબત.*

૨. પટ્ટા હેઠળની જમીનમાં અથવા તે જમીન ઉપર કોઈપણ રસ્તો અથવા નહેર, જળાશય બાંધવાની, અથવા ઈલેક્ટ્રીક અથવા ટેલિફોન લાઈનો લઈ જવાની રાજ્ય સરકાર કે કેન્દ્રીય સરકારની સ્વતંત્રતા અથવા સત્તા અનામત રાખવામાં આવે છે.

પરંતુ એવી સ્વતંત્રતા અથવા સત્તા વાપરવામાં આવે તે પહેલાં પટે રાખનારને ઓછામાં ઓછા સાઠ દિવસની નોટિસ આપવી અને ઉપરોક્ત હેતુઓ પૈકી કોઈપણ હેતુ સારુ સરકારે ઉપયોગમાં લીધેલા કોઈ વિસ્તારને પટ્ટા હેઠળના વિસ્તારમાંથી બાકાત રાખવો અને પટ્ટે રાખનાર, એવી રીતે બાકાત રાખેલો વિસ્તાર માટે કોઈપણ વળતરનો દાવો કરવાને હકદાર રહેશે નહીં.

૩. જે વિસ્તાર માટે પટ્ટો આપવામાં આવ્યો હોય તે વિસ્તાર અથવા તેનો કોઈપણ ભાગ સાર્વજનિક હેતુ સારુ સરકારને જોઈતો હોય તો ગમે તે સમયે પટ્ટો રાખનારને છ મહિનાની લેખીત નોટિસ આપીને પટ્ટા સમાપ્ત કરવાની રાજ્ય સરકારની સ્વતંત્રતા અને સત્તા અને સદરહુ વિસ્તાર અથા યથા પ્રસંગ, વિસ્તારનો ભાગ તેવી રીતે જોઈએ છે, એવી નિયમાકની સહી હેઠળની જાહેરાત, પટ્ટે રાખનાર અને સરકાર વચ્ચેની કબૂલાત હોય તેમ નિર્ણાયક ગણાશે.

આ સત્તા હેઠળ પટ્ટો સમાપ્ત થયેથી, પટ્ટા હેઠળનો વિસ્તાર સરકાર ખાલસા કરવો અને સરકારે તે હેતુ સારૂ નિમેલા અધિકારી નક્કી કરે તેટલું વળતર પટ્ટે રાખનારને આપવું અને વળતરની રકમ આકારતી વખતે એવી રીતે નીમેલા અધિકારી એવી આકારણી માટે જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪માં ઠરાવેલ સિદ્ધાંતો અનુસરશે.

## ભાગ ૫ મો

## *આ પટ્ટાથી અનામત રાખેલાં ભાડાં તથા રોયલ્ટી*

*નિયત ભાડું અથવા રોયલ્ટી એ બેમાંથી જે વધારે હોય તે આપવા બાબત.*

૧. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ કોઈપણ વાર્ષિક મુદ્દત માટે આ ભાગના ખંડ-૨ થી અનામત રાખેલું નિયત ભાડું તેમજ આ ભાગના ખંડ-૩ થી અનામત રાખેલી રોયલ્ટીની રકમ, એ બન્ને, આપવા માટે જવાબદાર રહેશે નહિ. પણ એ બેમાંથી જે રકમ વધારે હોય તે આપવી.

*નિયત ભાડાના દર અને તે આપવાની રીત.*

૨. આ ભાગના ખંડ-૧ ની જોગવાઈને આધીન રહીને, સન ૧૯૯........નાં ................ મહિનાની....................તારીખથી આ પટ્ટે ચાલુ હોય તે દરમિયાન પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ રાજ્ય સરકારને આ અનુસૂચિત ભાગ-૧ માં વર્ણવેલી જમીનોનાં હેક્ટર દીઠ નીચેના દરોએ વાર્ષિક નિયત ભાડું આપવું. (અહીં સદરહુ નિયમોનાં નિયમ ૨૨ (૩) મુજબ ભરવાની રકમ દાખલ કરવી.)

ડેડરેન્ટ એક હેક્ટરે વાર્ષિક રૂ................................/- ના દરે વર્ષે રૂ....................../- ભરવાનું રહેશે.

ડેડરેન્ટ એક હેક્ટરે વાર્ષિક રૂ.........................../- ના દરે ૫૦% પ્રમાણે વર્ષે રૂ............./- ભરવાનું રહેશે.

*રોયલ્ટીનો દર અને ભરવાની રીત.*

૩. આ ભાગના ખંડ-૧ની જોગવાઈઓને આધીન રહીને, પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ આ પટ્ટો ચાલુ હોય તે દરમિયાન, ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ ની અનુસૂચિ ૧ મુજબ તે સમયે અમલમાં હોય તેવા દરે પટ્ટે આપેલા વિસ્તારમાંથી તેણે/તેઓએ ખસેડેલી કોઈપણ ગૌણ ખનીજો સંબંધમાં સરકાર ઠરાવે તેવા સમયે અને તેવી રીતે રોયલ્ટી સરકારને ભરવી.

રોયલ્ટીની રકમ દર ત્રણ માસે જાન્યુ. એપ્રિલ જુલાઈ તથા ઓક્ટો. માં નિયમિત ભરવાની રહેશ દર. મે. ટને રૂ......................... લેખે

*સપાટીનું ભાડું આપવા બાબત.*

૪. પટ્ટે રાખનારે ખોદકામ કરવાના હેતુ સારૂ તેને પટ્ટે આપેલા સપાટીના વિસ્તારના સઘળા ભાગો સારૂ રાજ્ય સરકારને સરકાર ઠરાવે તેવા દરે ભાડું આપવું. (અહીં વર્ષની શરૂઆતમાં એટલે કે દર વર્ષે પટ્ટા ખત કર્યાની તારીખે ભરવાના ભાડાની કુલ રકમ દાખલ કરવી. જમીન માલિકીની હોઈ આ ચાર્જ ભરવાનો રહેશે. જમીન ભાડું એક હેક્ટરે રૂ. ૧૦૦/- ના દરે વર્ષે રૂ................../- નિયમિત ભરવાનું રહેશે.

## ભાગ ૬ઠો

## *ભાડું અને રોયલ્ટીને લગતી જોગવાઈઓ*

*ભાડું અને રોયલ્ટીમાં કપાતો કરવા દેવામાં આવશે નહીં.*

૧. આ અનુસૂચિમાં ભાગ-૫માં જણાવેલ ભાડું તથા રોયલ્ટી............................ખાતેની જિલ્લા/પેટાતિજોરીમાં અને યોગ્ય અધિકારી ઠરાવે તેવી રીતે રાજ્ય સરકારને કોઈપણ કપાત કર્યા સિવાય ભરવાં.

*રોયલ્ટી ગણવાની રીત.*

૨. સદરહુ રોયલ્ટી ગણવાની હેતુઓ, પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ, ખોદકામ/ખાણકામ જમીનમાંથી ખરેખર ઉત્પન્ન થયેલા અને સરકારે ઠરાવેલા નમૂના પ્રમાણે ખાણમાંથી મોકલેલી, ખનીજ, ખનીજો અને તેમાં રાખેલી વ્યક્તિઓની સંખ્યાઓ અને વળી ખોદકામના સંપૂર્ણ નકશાનો ખરો હિસાબ રાખવો અને ખનીજોના પ્રતિક નમૂનાઓ અને કામકાજ દરમિયાન તેમાંથી મેળવેલા, પ્રક્રિયા કરેલા પદાર્થો સહિત ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ નિયામક, અમદાવાદ, વખતોવખત ફરમાવે તેવી માહિતી રિપોર્ટ, અને પત્રકો તેમને પૂરં પાડવાં. સ્ટોકમાં હોય અથવા ખાણમાંથી રવાના થવાની તૈયારીમાં હોય તેવા ખનીજ/ખનીજોના હિસાબો તેમજ (યથા પ્રસંગ, કદમાં અથવ વજનમાં) તેનો જથ્થો રાજ્ય સરકારે અધિકૃત કરેલાં કોઈપણ અધિકારી અને/અથવા યોગ્ય અધિકારી/ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ નિયામક તપાસી શકશે.

*જો ભાડાં અને રોયલ્ટી વખતસર ભરવામાં ન આવે તો પગલાં લેવા બાબત.*

૩. પટ્ટે રાખનારે બાકી રાખેલા ભરવાના રોયલ્ટી અને/અથવા ભાડું, તે ભરવા માટે પટ્ટામાં નક્કી કરેલી તારીખ પછીના સાઠ દિવસની અંદર ભરવામાં ન આવે તો રાજ્ય સરકાર એ જગ્યામાં દાખલ થઈ શકશે, અને સઘળાં ખનીજો અથવા તે પૈકી કોઈપણ ખનીજ અથવા પ્રાપ્ત કરેલા/પ્રક્રિયા કરેલા/સાફ કરેલો ઉત્પન્નો અથવા તેમાંની જંગલ મિલ્કત જપ્ત કરી શકશે, અને એવી રીતે જપ્ત કરેલી રકમ મિલ્કતનું અથવા તેમાંથી જે મિલ્કત લેણું, થતું ભાડુ અને/અથવા રોયલ્ટી ભરપાઈ કરવા અને તેમ ન ભરવાને કારણે થયેલા સઘળા વ્યય તથા ખર્ચ ભરપાઈ કરવા માટે પૂરતી ગણાય તે મિલ્કતનું વેચાણ કરવાનો હુકમ કરી શકશે.

૪. સદરહુ નિયમો મુજબ અથવા આ પટ્ટા હેઠળ સરકારનું લેણું, રોયલ્ટી, વેરો, ફી, ગુનેગારી અથવા બીજી રકમ, યોગ્ય અધિકારીએ કાઢી આપેલા પ્રમાણપત્રના આધારે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે. બાકી લેણાંની રકમ ૨૪% વ્યાજ સહિત જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ લેવામાં આવશે.

૫. પટ્ટે રાખનારે, સરકાર/નિયામક અથવા સત્તા ધરાવતા અધિકારી ઠરાવે તેવા પટ્ટે આપેલા વિસ્તારમાંથી ગૌણ ખનિજ ખસેડવા માટેના પાસ ત્રણ પ્રતમાં કાઢવો જોઈએ. તેણે પાસની એક નકલ નાકા કારકુનને અથવા રોયલ્ટી ઈન્સ્પેક્ટરની અથવા ખાણ સુપરવાઈઝરની ઓફિસે પહોંચાડવા માટે ખરીદનાર અથવા વાહનના ડ્રાઈવરને પણ ફરમાવવું જોઈશે.

## ભાગ ૭ મો

## *પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓના કરાર*

*પટ્ટે રાખનારાઓએ ભાડાં, વગેરે ભરવા બાબત.*

૧. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ આ લેખના ભાગો ૫ અને ૬ માં ઠરાવેલા સમયે અને ઠરાવેલી રીતે આ પટ્ટાની રૂએ બાકી રાખેલાં ભાડાં તથા રોયલ્ટી ભરવા અને સઘળા વેરા, સેસ, આકારણી અને સરકારી માગણી રૂપે ગમે તે પ્રકારના વધારાના કર ભરપાઈ કરવા અને જમીન મહેસૂલ માટેની માગણીઓ હોય તે સિવાય, તેવા જ પ્રકારની અન્ય જગાઓ અને કામો સાથેના પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓની જગાઓ અને કામો ઉપર અથવા તેના સંબંધમાં રાજ્ય સરકારના સત્તાધિકારીએ વખતોવખત એવ સઘળા વેરા, સેસ, દર, આકારણી અને વધારાના કર લેવા, આકારવા અથવા નાખવા (અહીં.................................તે સમયે અમલમાં હોય તેવા આ પટ્ટામાં લેવાના વેરા, સેસ, વગેરની દર વર્ષે ઉચક રકમમાં લેવાની રકમો દાખલ કરવી.) સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવે તે રકમ પટ્ટેદારે ભરવાની રહેશે.

*હદની નિશાની સારી સ્થિતિમાં જાળવવી તથા રાખવી.*

૨. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ, આ પટ્ટા સાથે જોડેલા નકશામાં દર્શાવેલી હદ પ્રમાણે હદની નિશાનીઓ અને થાંભલા પોતાના ખર્ચે ઊભા કરવા અને સઘળા સમયે જાળવવા તથા સારી સ્થિતિમાં રાખવા એવી નિશાનીઓ અને થાંભલા સહેલાઈથી ઓળખી શકાય એ માટે તેની નજીકની ઝાડી તથા બીજાં નડતરો કાઢી નાંખવા.

 ક. પટ્ટે રાખનારે, પટ્ટામાં સમાવિષ્ટ ન થયેલા વિસ્તારમાં દબાણ કર્યું હોવાનું જણાઈ આવે તો નિયામક અથવા સત્તા ધરાવતા અધિકારી અથવા તેણે અધિકૃત કરેલા અધિકારી તે વિસ્તારી ખાલી કરવા તરત જ નોટિસ કાઢી શકશે અને પટ્ટે રાખનારે વિસ્તાર ખાલી કરવો પડશે.

*૯૦ દિવસની અંદર કામકાજ શરૂ કરવા બાબત અને કારીગરની રીતે કામ કરવા બાબત.*

૩. સબળ કારણસર યોગ્ય અધિકારી બીજી રીતે પરવાનગી આપે તે સિવાય, પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ પટ્ટો કર્યાની તારીખથી ૯૦ દિવસની અંદર કામકાજ શરૂ કરવું અને ત્યાર પછી આ પટ્ટો ચાલુ હોય તે દરમિયાન સઘળા સમયે યોગ્ય કૌશલ્યપૂર્ણ અને કારીગરની રીતે અને સદરહુ જમીનની સપાટી અથવા પાકા, મકાનો, બાંધકામો અથવા તેના ઉપરની બીજી મિલકતને કોઈપણ બિનજરૂરી અથવા પરિહાર્ય નુકશાન કર્યા સિવાય, અથવા કરવાની પરવાનગી આપ્યા સિવાય સદરહુ ખનીજો શોધી કાઢવા, મેળવવા કાઢવા અને તેનો વિકાસ કરવો. પટ્ટે રાખનારે વધારાનો બોજ દૂર કરીને, વેસ્ટનો કાળજીપૂર્વક સંગ્રહ કરીને, (ડ્રેનેજ દ્વારા) ગાળ કાઢીને તથા સઘળાં કિંમતી ગૌણ ખનીજો દૂર કરીને બગાડ થતો અટકાવવો. આ ખંડના હેતુઓ સારૂ, પથ્થરના ખોદકામમાં, પથ્થરની ખાણના સંબંધમાં મશીનરી બાંધવાનો, ટ્રામવે નાખવાનો અથવા રસ્તો બાંધવાનો સમાવેશ થશે.

*સઘળા દાવા-સામે સરકારને નુકશાન ભરી આપવા બાબત.*

૪. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ આ પટ્ટાથી તેને આપેલી સત્તાની રૂએ તેણે જે કંઈ નુકશાન, હાનિ અથવા હરકત કરેલી હોય તે બદલ તે બાબત અંગે અમલમાં હોય તેવા કાયદા અનુસાર કાયદેસર સત્તાધિકારી આકારે તેટલું વાજબી વળતર આપવું અને એવા નુકશાન, હાનિ અથવા હરકતના સંબંધમાં અને તેને કારણે થયેલા સઘળા ખર્ચ અને વ્યયના સંબંધમાં કોઈ વ્યક્તિ જે સઘળી માગણી કરે તે પેટે રાજ્ય સરકારને પૂરેપૂરૂં નુકશાન ભરી આપવું.

*ખાડાઓ, પોલાણો વગેરે માટે સાવચેતીમાં પગલાં લેવા તથા તે સારી સ્થિતિમાં રાખવા બાબત.*

૫. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ, આ પટ્ટો ચાલુ હોય તે દરમિયાન, સદરહુ જમીનમાં કરવામાં આવે અથવા ઉપયોગી હોય તેવા સઘળા ખાડા, પોલાણો અને ખોદકામો માટે સાવચેતીનાં પગલાં અને ઈમારતી લાકડાં અથવા બીજા ટકાઉ સાધનો મૂકીને ખુલ્લા રાખવા અને એવા દરેક ખાડા, પોલાણ અથવા ખોદકામ પડતા મૂક્યા હોય કે ન હોય, તો પણ તેની આસપાસ રાજ્ય સરકારને ખાતરી થાય તેવી રીતે પૂરતી વાડ રાખવી અને તે મુદત દરમ્યાન સદરહુ જમીનમાંના જે ખોદકામો પડતાં મુકવામાં આવ્યા હોય તે ખોદકામો સિવાયનાં સઘળા ખોદકામો, શક્ય હોય તેટલે સુધી, પાણી અને ગંદી હવા ન જઈ શકે તેવી રીતે રાખવા. પટ્ટે રાખનાર/પટ્ટે રાખાનારાઓએ નીચેની બાબતોની ખાતરી કરવા માટે પણ પૂરતાં પગલાં લેવાં :-

 (ક) ખનીજો અને નકામો કચરો દૂર કરવાનું સરળ બનાવવા માટે પથ્થરના ખોદકામની ખુલ્લી જગામાં ખાઈઓની ઊંચાઈ અને પહોળાઈ બરાબર રાખવામાં આવી છે તે બાબત;

 (ખ) કામ ચાલુ હોય તે જગાનું મુખ હંમેશા સાફ રાખવામાં આવે છે તે બાબત;

 (ગ) ખનીજો અને/અથવા તેમાંથી પ્રાપ્ત કરેલા, તેના ઉપર પ્રક્રિયા કરેલા સાફ કરેલા ઉત્પાદનોના યોગ્ય પરિણામનાં ગંજો ખડકાવામાં આવ્યા છે અને એવા દરેક ગંજાને યોગ્ય અધિકારીએ ઠરાવેલી રીતે નંબર આપ્યા છે અથવા નિશાની કરી છે તે બાબત; અને

 (ઘ) તેને પટ્ટે આપેલા વિસ્તારની યોગ્ય સફાઈ રાખવામાં આવી છે તે બાબત.

*પથ્થરનું ખોદકામ જરૂર લાગે તેટલે સુધી મજબૂત બનાવવા અને તેને ટેકો આપવા બાબત.*

૬. પટ્ટે રાખનારે/ પટ્ટે રાખનારાઓએ સંબંધ ધરાવતા રેલ્વે વહીવટને અથવા રાજ્ય સરકારને અથવા પથ્થરની ખાણની ખોદકામને અને સલામતી આરોગ્ય અને મજુરોને લગતી બાબતો સંબંધી તે સાથે અમલમાં હોય તેવી કોઈ કાયદાની જોગવાઈઓનું નિયંત્રણ કરતાં બીજાં કોઈપણ યોગ્ય અધિકારીને ખાતરી થાય તેવી રીતે કોઈપણ રેલ્વે, જળાશય, નહેર રસ્તો, અને બીજા જાહેર કામો અથવા બાંધકામોની સલામતી માટે જે પથ્થરના ખોદકામના કોઈપણ ભાગને મજબૂત બનાવવાનું અથવા ટેકો આપવાનું તેમના અભિપ્રાય મુજબ જરૂરી લાગે તે પથ્થરના ખોદકામના ભાગને તેવી રીતે મજબૂત બનાવવો અને ટેકો આપવો.

૭. (૧) પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ, વખતોવખત અથવા જરૂર પડે ત્યારે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ નિયામકને પથ્થરના ખોદકામ દરમિયાન એકઠા કરેલા ખનીજનું પૃથ્થકરણ અને તેના પ્રતિક નમૂના સાથે પ્રગતિ રિપોર્ટ તેમજ સદરહુ નિયમોમાં ઠરાવેલાં અથવા વખતોવખત તે ઠરાવે તેવી રીતે મુદતી પત્રકો સાદર કરવા.

(૨) પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ, ૩૧મી ડિસેમ્બર પૂરા થતા પ્રત્યેક અંગ્રેજી વર્ષ માટે સદરહુ નિયમોને જોડેલા નમૂના 'છ'માં એક વાર્ષિક પત્રક, ત્યાર પછી આવતા વર્ષમાં જાન્યુઆરી મહિનાની ૩૧મી તારીખ પહેલાં ભૂસ્તર અને ખનીજ નિયામકને/યોગ્ય અધિકારીને અર્થે ભૂસ્તર અને ખનીજ નિયામક નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈપણ અધિકારીને સાદર કરવું.

*ખોદકામની તપાસ કરવાની છૂટ આપવા બાબત.*

૮. પટ્ટે રાખનારે પટ્ટે રાખનારાઓએ કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલા કોઈ અધિકારી અથવા યોગ્ય અધિકારીને અથવા તે અર્થે સદરહુ નિયમો હેઠળ ભૂસ્તર- વિજ્ઞાન અને ખનીજ નિયામકને, પટ્ટા હેઠળ થતા કોઈપણ ખોદાણકામ અથવા પટ્ટામાં આવતી જમીન સહિતની જગ્યા ઉપર તેનું નિરીક્ષણ કરવા, તપાસ કરવા, સરવે કરવા અને તેના નકશા તૈયાર કરવા, નમૂના લેવા તથા કોઈ માહિતી એકઠી કરવાના હેતુ સારૂ દાખલ થવાની છૂટ આપવી અને પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ રોકેલી, અને ખાણના/પથ્થરની ખાણના કામથી બરાબર વાકેફ હોય તેવી વ્યક્તિસાથે રાખીને પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ એવી દરેક તપાસ કરતી વખતે એવા અધિકારીઓ, એજન્ટો અને નોકરોને મદદ કરવી અને તેઓ વ્યાજબી રીતે ફરમાવે તેવી ખાણના કામકાજને લગતી સઘળી માહિતી માટે સગવડો તેમને પુરી પાડવી. એવા અધિકારી, ખનીજો કાઢતાં થતો દુર્વ્યય અટકાવવા માટે પોતાને યોગ્ય લાદે તેવા વાજબી આદેશો આપી શકશે, અને એ અધિકારી નિર્દિષ્ટ કરે તેવી મુદતની અંદર તે આદેશોનું પાલન કરવાની પટ્ટે રાખનારની/પટ્ટે રાખારાઓની, તેના/તેઓના એજન્ટની/મેનેજરની ફરજ રહેશે. જો પટ્ટે રાખનારા/પટ્ટે રાખનારાઓ, તેના/તેઓના એજન્ટ અથવા મેનેજર નિર્દિષ્ટ કરેલી મુદતમાં એવા આદેશોનું પાલન કરવાનું ચૂકે તો, યોગેય અધિકારી પટ્ટો સમાપ્ત કરી શકશે અથવા વાર્ષિક નિયત ભાડાની રકમની બમણી રકમ કરતાં વધુ ન હોય તેટલી રકમનો દંડ કરી શકશે.

*અકસ્માતો વિષે રિપોર્ટ કરવા બાબત.*

૯. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ, સઘળા અકસ્માતો વિશે, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ નિયામકને, સત્તા ધરાવતા અધિકારીને, જિલ્લા મેજીસ્ટ્રેટને અને સંબંધ ધરાવતા જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ટને રિપોર્ટ કરવો. આ પટ્ટા હેઠળ થતાં કામો દરમિયાન મૃત્યુ થાય અથવા ગંભીર શારીરિક ઈજા થાય અથવા મિલકતને ગંભીર નુકશાન થાય અથવા જાન માલને ગંભીર રીતે અથવા ભયમાં મૂકે તેવા કોઈ અકસ્માતના દાખલામાં, પટ્ટે રાખનારે, ઢીલ કર્યા સિવાય એવા અકસ્માતોનો સંપૂર્ણ રિપોર્ટ સદરહુ અધિકારીઓને મોકલવો.

*બીજા ખનીજો મળી આવે તો તે વિષે રિપોર્ટ કરવા બાબત.*

૧૦. જ્યારે જ્યારે પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓને સદરહુ ખનીજ/ખનીજો સિવાયનું બીજું કોઈપણ ખનીજ મળી આવે ત્યારે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ યોગ્ય અધિકારીને ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ નિયામકને, તુરત જ તે મળી આવ્યાનો રીપોર્ટ એવા દરેક મળી આવેલા ખનીજના પ્રકાર તથા હાલતને લગતી પૂરેપૂરી માહિતી આપીને કરવો.

*ઉત્પાદન તથા નોકરો વગેરે સંબંધી દફતર હિસાબો રાખવા બાબત.*

૧૧. પટ્ટે રાખનારે/પટ્ટા રાખનારાઓએ, સદરહુ બાબત મુદત દરમિયાન સઘળા સમયે સદરહુ જમીન ઉપર અથવા તેની નજીક આવેલી ઓફિસમાં, ખરા અને સમજાય તેવા હિસાબોના ચોપડા અથવા રખાવવા અને તેમાં વખતોવખત નીચેની બાબતો ખરી નોંધો સમાવિષ્ટ કરવી :-

(૧) સદરહુ જમીનમાંથી મેળવેલા સદરહુ ખનીજ પદાર્થ/ખનીજોનો જથ્થો અને પ્રકાર.

(૨) ઉપયોગી થાય તેવી રીતે પ્રક્રિયા કરેલા અથવા રૂપાંતર કરેલા સદરહુ ખનીજ પદાર્થ/ખનીજોના જુદા જુદા પ્રકારનો જથ્થો.

(૩) વેચેલો અને જુદી જુદી રીતે નિકાલ કરેલા સદરહુ ખનીજ/ખનીજોના જુદા જુદા પ્રકારનો જથ્થો અને એવું વેચાણ તથા નિકાલ કરવાની રીતે અને તેનો હેતુ;

(૪) સદરહુ ખનીજ/ખનીજોના વેચાણોની કિંમત તથા બીજી વિગતો.

(૫) ટેકનિકલ કર્મચારીઓની રાષ્ટ્રીયતા, લાયકાતો, તથા પગાર દર્શાવીને ખાણમાં અથવા કામમાં અથવા સદરહુ જમીન ઉપર કામે રાખેલી વ્યક્તિઓની સંખ્યા;

(૬) યોગ્ય અધિકારી અથવા ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ નિયામક ફરમાવે તેવી બીજી હકીકતો, વિગતો તથા સંજોગો અને એવા હિસાબોના સઘળા અથવા કોઈપણ ચોપડામાંની ખરી તારીજ તેઓ ઠરાવે તેવા અધિકારીઓને અને તેવા સમયે વિના મુલ્ય પૂરી પાડવી અને એવા અધિકારીઓને અથવા તે અર્થે રાજ્ય સરકાર નક્કી કરે તેવા બીજા કોઈપણ અધિકારીને સદરહુ હિસાબોના ચોપડા તપાસવા અને તેનું નિરીક્ષણ કરવા માટે તેમાં દાખલ થવાની અને તે જોવાની અને તેની નકલ કરવાની કે તેમાંથી ઉતારા કરવાની છૂટ આપવી.

*નકશા વગેરે રાખવા બાબત.*

૧૨. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ સદરહુ મુદત દરમિયાન સઘળા સમયે ખાણ/પથ્થરની ખાણની ઓફિસે, સદરહુ જમીનમાંની ખાણ/ પથ્થરના ખાણોનો સાચા, સમજાય તેવા અદ્યતન અને સંપૂર્ણ નકશા તથા વિભાગો રાખવા, આ પટ્ટા હેઠળ તેણે/તેઓએ કરેલા કામો

દરમિયાન, તેણે/તેઓએ કરેલા સઘળા ખોદકામો તથા કામો અને સઘળી ખાઈ, ખાડા તથા ડ્રીલીંગ (શારકામ) મળી આવેલી ખામી તથા બીજી હરકતો, બાર મહિનાના અંત અથવા વખતોવખત નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કોઈ મુદત પુરી થયેથી આ હેતુ માટે કરવાની ખરેખરી સરવે ઉપરથી ભૂસ્તર માહિતી બતાવવી (અને એવા સઘળા નકશા તથા વિભાગો સુધારીને તે પ્રમાણે ભરવા) અને પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ રાજ્ય સરકારને તથા ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ નિયામક, અમદાવાદને જ્યારે જ્યારે એવા નકશા કે તેના વિભાગોની નકલોની જરૂર પડે ત્યારે ત્યારે તેની ખરી નકલો પૂરી પાડવી. સઘળી ખાઈઓ, ખાડા તથા શારકામનાં ખરા દફતરોમાં નીચેની બાબતો બતાવવી :-

(ક) જેમાં ખાઈ, ખાડા અને શારકામ થતાં હોય તે જમીનની નીચેની જમીન તથા થર,

(ખ) મળી આવેલી બીજી કોઈપણ ખનીજો.

(ગ) હિત સંબંધ ધરાવતી બીજી કોઈ બાબત અને રાજ્ય સરકાર, યોગ્ય અધિકારી અને/અથવા ભૂસ્તર વિજ્ઞાન અને/અથવા ભૂસ્તર અને ખનિજ નિયામક વખતોવખત ફરમાવે તેવી સઘળી માહીતી.

પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ, કેન્દ્રીય અથવા રાજ્ય સરકાર અથવા યોગ્ય અધિકારી અથવા ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ નિયામકે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીને સઘળા વ્યાજબી સમયે સદરહુ બાબતો અંગે તપાસ પણ કરવા દેવી.

*મજુર કલ્યાણ અને સલામતિ પગલાંના સંબંધમાં અમલમાં હોય તેવા કાયદાઓની નું પાલન કરવા બાબત.*

૧૩. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ, પથ્થર (ખાણો તથા ખનીજો) ના ખોદાણ કામોને લગતા અને પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓના નોકરી અથવા લોકોની સલામતી આરોગ્ય તથા સગવડતાને સ્પર્શતી બાબતોને લગતા તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓનું પાલન કરવાને બંધાયેલા રહેશે.

૧૪. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ જવા-આવવાના વિદ્યમાન હક્કો, પાણી અને બીજા ભૂમાર્ગો લક્ષમાં રાખીને આ નિયમ મુજબ ઠરાવેલી હોય તે સિવાયની કોઈપણ રીતે સદરહુ પટ્ટા હેઠળના ખાણકામ/પથ્થરનું ખોદકામ અથવા બીજા કામો કરવા.

*તોલવાના યંત્રોની જોગવાઈ કરવા બાબત.*

૧૫. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ સઘળા સમયે ખાડાની ઉપરની બાજુઓ અથવા તેની નજીક અથવા ખાડાની જે બાજુઓ ખનીજો ખોદીને રાખવામાં આવતી હોય તે બાજુએ અથવા તેની નજીક યોગ્ય રીતે બનાવેલું તોલવાનું યંત્ર રાખવું અને વખતોવખત ખાડા નજીક લાવવામાં આવેલી, વેચવામાં આવેલી નિકાસ કરેલી અને રૂપાંતર કરેલી સઘળી ખનીજોનું અને રૂપાંતર કરેલી બનાવટોનું પણ તે યંત્ર ઉપર વજન કરવું અથવા વજન કરાવવું અને દરેક દિવસના અંતે સદરહુ ખનિજોના કાચી ધાતુના આગાઉના, ચોવીસ કલાક દરમિયાન ખોદી કાઢેલી, વેચેલી, નિકાસ કરેલી અને રૂપાંતર કરેલી ઉત્પન્નોના એવી રીતે નક્કી થયેલા કુલ વજનની ઉપરોક્ત હિસાબના ચોપડામાં નોંધ કરાવવી. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ સદરહુ મુદત દરમિયાન ઉપર કહ્યા પ્રમાણે સદરહુ ખનિજો તોલતી વખતે હાજર રહેવા માટે અને તેના હિસાબો રાખવા માટે અને પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ રાખેલા હિસાબો તપાસવા માટે કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓને કામે રાખવાની રાજ્ય સરકારે પરવાનગી આપવી. પટ્ટે રાખનારે, પટ્ટે રાખનારાઓએ સદરહુ નિયમો મુજબ વ્યાખ્યાન કરી હોય તેવ યોગ્ય અધિકારી અથવા તેના વતી બીજો કોઈ અધિકારી એવી ખનિજો માપતી કે તોલતી વખતે ત્યાં હાજર રહી શકે તે માટે તેને............... દિવસની અગાઉથી નોટિસ આપવી.

પરંતુ યોગ્ય અધિકારી, વજન સિવાય બીજી રીતે રોયલ્ટી ભરવાની હોય ત્યારે આ ખંડ પડતો મુકી શકશે.

*તોલવાના યંત્રની કસોટી કરવા દેવી.*

૧૬. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ ઉપર કહેવા પ્રમાણે પૂરૂ પાડવાનું અને રાખવાનું દરેક તોલવાનું યંત્ર અને તેની સાથે વપરાતા વજનો અનુક્રમે ખરાં છે અને સારી હાલતમાં છે કે કેમ તેની ખાતરી કરવાને રાજ્ય સરકારે તે અર્થે નીમેલી કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓએ કોઈપણ સમયે અથવા સદરહુ મુદત દરમિયાન કોઈપણ સમયે તે તપાસી જોવા અને તેની કસોટી કરવા માટે છૂટ આપવા અને એવી કોઈપણ તપાસ અથવા કસોટી ઉપરથી એવું કોઈપણ તોલવાનું યંત્ર અથવા વજનો ખોટાં જણાય અથવા સારી હાલતમાં ન જણાય તો રાજ્ય સરકાર એવું ફરમાવી શકશે કે તે યંત્ર તથા વજનો રાખનાર પટ્ટે રાખનારાઓના ખર્ચે સરખા કરવા તેની મરામત કરવી અને તે વ્યવસ્થિત કરવા, એવું ફરમાવી શકશે કે તે યંત્ર તથા વજનો રાખનાર પટ્ટે રાખનારાઓના ખર્ચે સરખા કરવા તેની મરામત કરવી અને જો એવી માંગણી કરવામાં આવે તે પછી ચૌદ દિવસની અંદર તેનું પાલન ન કરવામાં આવે તો, રાજ્ય સરકાર એવું તોલવાનું યંત્ર અથવા વજનો સરખા કરાવી શકશે, તેની મરામત કરાવી શકશે/અને તેને વ્યવસ્થિત કરાવી શકશે અને તેમ કરવાનો ખર્ચ માંગણી થયેથી પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ રાજ્ય સરાકારીએ આપવું અને ઉપર કહ્યા પ્રમાણેની એવી કોઈ તપાસ કે કસોટીથી કોઈ તોલવાના યંત્રમાં અથવા વજનોમાં રાજ્ય સરકારને બાધ આવે તેવી કોઈ ખામી જણાઈ આવે તો ભૂલ જણાઈ આવ્યાના ત્રણ અંગ્રેજી મહિના સુધી અથવા તે જ તોલવાનું યંત્ર અને વજનો તેવી રીતે તપાસવામાં આવ્યા હોય કે તેની કસોટી કરવામાં આવી હોય તે પ્રસંગે એવી ત્રણ મહિનાની મુદત દરમિયાન આવ્યા હોય તો ત્યારથી તેવી ખામી ચાલુ રહી છે એમ ગણાશે અને સદરહુ ભાડું તથા રોયલ્ટી તદનુસાર આપવી અને તે પ્રમાણે ગણતરી કરવી.

*ત્રીજા પક્ષકારોને હાની માટે વળતર આપવા સરકારને નુકશાન ભરી આપવા બાબત.*

૧૭. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ આ ખતથી આપેલી સ્વતંત્રતા તથા સત્તાની રૂએ પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ કર્યા હોય અથવા તેમના વતી કરવામાં આવે તેવા સઘળા નુકશાન હાનિ અથવા જાનમાલનો હરકત કરવા બદલ વાજબી વળતર આપવું અને કોઈપણ સમયે એવા કોઈ નુકશાન હાનિ કે હરકતના સંબંધમાં કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓ તરફથી જે કાંઈ દાવા, હક કે માંગણી લાવવામાં કે કરવામાં આવે તે પેટે સરકારને નુકશાન ભરી આપવું.

*બીજા ખનિજોના ખોદાણ કામને હરકત કરવી નહિ.*

૧૮. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ, આ પટ્ટામાં સમાવેશ કર્યો ન હોય તેવા ખનિજોના વિકાસ તથા જમીનની અંદરના ખોદાણ કામમાં બિનજરૂરી અથવા વાજબી રીતે ટાળી શકાય તેવું કંઈ નડતર કે હરકત ન થાય એ રીતે આથી મળેલ સ્વતંત્રતા તથા સત્તા વાપરશે અને સઘળા સમયે કેન્દ્રીય અને રાજ્ય સરકારોને, તથા પથ્થરની ખાણનો પટ્ટો, પથ્થરની ખાણની પરમીટો અને ભાવિ લાઈસન્સો અથવા એવા કોઈપણ ખનીજ પદાર્થોના અથવા સદરહુ જમીની નજીકમાં હોય તેવી કોઈ જમીનમાંના કોઈપણ ખનીજોના સંબંધમાં

ખાણકામના પટ્ટા ધરાવનારાઓને તેમાં આવવા જવાની સગવડ આપવી, અને તે ખનીજો મેળવવા તેનું ખોદકામ કરતાં તેનો વિકાસ કરવા તથા તે લઈ જવાના હેતુ સારૂં એવા ખનીજો સુધી સદરહુ જમીન ઉપર અથવા તેની આસપાસ સલામત અને સગવડભર્યો માર્ગ રાખવો.

પરંતુ એવું ઠરાવ્યું છે કે પટ્ટે રાખનારા/પટ્ટે રાખનારાઓને એવા પટ્ટે રાખનારાઓ અથવા ભાવી લાઈસન્સ કરનારાઓએ એવા માર્ગનો ઉપયોગ કરવાના કારણે અથવા તેના પરિણામે જે કાંઈ નુકશાન થાય કે હાનિ ભોગવે તે બદલ વ્યાજબી વળતર મળશે.

*બીજાના નામે કરી આપવાની અથવા પોતાના હકોનું સ્વત્ત્વાર્પણ કરવાની સ્વતંત્રતા.*

૧૯. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ, સદરહુ નિયમોના નિયમ ૨૦ માં ઠરાવ્યા પ્રમાણે ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ નિયામકની અગાઉથી લેખીત મંજૂરી મેળવીને આ પટ્ટો અથવા તે હેઠળના કોઈપણ હક ઈલાખો અથવા હિત સંબંધ બસો પચાસ રૂપિયાની ફી અથવા 'સ્વત્ત્વાર્પણ માટે ૧૨.૧/૨ ટકાનો નાણાંકીય અવેજ એ બેમાંથી જે વધારે હોય તે ભર્યેથી કોઈપણ વ્યક્તિના નામે કરી આપી શકશે અથવા સ્વાત્ત્વર્પિત કરી શકશે. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનાનારાઓએ કોર્ટના કોઈપણ હુકમનામાના અથવા મહેસૂલ અધિકારીના હુકમનું પાલન કરતી વખતે આ પટ્ટો અથવા પટ્ટાના હેઠળનો કોઈ હક ઈલાખો કે હિત સંબંધ ઉપર ટાંચ લાવવા દેવો નહિ કે વેચવા દેવી નહિ, પરંતુ પટ્ટાના લેખનું ઉપર કહ્યા પ્રમાણેનું નામફેર અથવા સ્વાત્ત્વર્પણની તે પૂરો થયાની તારીખથી ત્રણ અંગ્રેજી મહિનાની અંદર નોંધ કરવી જોઈએ.

*પટ્ટે રાખનારે તારણની અનામત સિવાય જરૂરી હોય તેવી કોઈપણ વધારાની રકમ અનામત મૂકવી.*

૨૦. જ્યારે જ્યારે નિયમોના નિયમ ૧૯માં ઠરાવ્યા પ્રમાણે તારણની અનામત રકમ અથવા તેના કોઈભાગ અથવા તેની પૂર્તિરૂપે રાજ્ય સરકાર પાસે તે પછી અનામત મૂકવામાં આવેલી કોઈ પણ રકમ [illegible] અનુસાર જપ્ત કરીને ઉપયોગ કરે ત્યારે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ રાજ્ય સરકાર પાસે, અનામત મૂકેલી રકમ, સદરહુ પૂરેપૂરી તારણની અનામત રકમ જેટલી થાય તે માટે ઉપયોગ કર્યો ન હોય તેટલાં ભાગની રકમ સાથે પૂરતી હોય તેવી વધુ રકમ સરકાર પાસે અનામત મૂકવી.

*પટ્ટો સમાપ્ત થયા પછી રાજ્ય સરકારને સારી હાલતમાં કામ સોંપવા બાબત.*

૨૧. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ સદરહુ પટ્ટાની મુદ્દત પરી થયેથી અથવા પટ્ટા જલદી સમાપ્ત થયેથી અથવા તે પટ્ટો તાજો કરતી વખતે યોગ્ય અધિકારી અને/અથવા ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ નિયામકની મંજૂરીથી પડતાં મૂકવામાં આવ્યાં હોય તેવા કામો સિવાયના સદરહુ જમીનો ઉપર અથવા તેની નીચે હાલ ચાલુ હોય કે હવે પછી ખોદવાની હોય તેવી સઘળી ખાણો, પથ્થરના ખોદકામો, ખાઈ, પોલાણો, ઢાળ, સુરંગ, સપાટી, જળ માર્ગો અને બીજા કામો અને પટ્ટાની મુદતની શરૂઆત વખતે જે સઘળા એન્જિનો, યંત્રસામગ્રી, પ્લાન્ટ, મકાનો, બાંધકામો, બીજા કામો અને સગવડો સદરહુ જમીનો ઉપર અથવા તે હેઠળ હતી તે સઘળી એન્જિનો, યંત્રસામગ્રી, પ્લાન્ટ, મકાનો, બાંધકામો, અને બીજા કામો અને સગવડો અને જે જમીનોને યોગ્ય અધિકારી/ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ નિયામક/સરકારની મંજૂરીથી બિન વપરાશની જમીનો તરીકે ગણવામાં આવી હોય તે સિવાયની, સદરહુ જમીનો ઉપર કે તેની નીચે પટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ ગોઠવેલી હોય અને સદરહુ જમીનો નીચની ખાણો, પથ્થરના ખોદકામો કે અન્ય કામોને નુકશાન પહોંચાડ્યા સિવાય ખસેડી શકાય એવી ન હોય તેવી સઘળી યંત્રસામગ્રી સપાટી ઉપર, પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ બાંધેલા, ચાલુ અને સારી હાલતમાં હોય તેવા અને સદરહુ ખાણોના તથા સદરહુ ખનિજોનું વધુ ખોદકામ કરવા માટે બધી બાબતમાં યોગ્ય હોય તેવાં ઈંટો કે પથ્થરનાં સઘળાં બાંધકામો, રાજ્ય સરકારને સુપ્રત કરવા.

*સફીલહક*

૨૨. (ક) રાજ્ય સરકારને વખતોવખત સદરહુ મુદત દરમિયાન સઘળા સમેય, આથી સ્વત્ત્વાર્પિત કરેલી અથવા સ્થળે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓના નિયંત્રણ હેઠળ હોય તેવી સદરહુ જમીનમાં અથવા તેની ઉપર પડેલા સદરહુ ખનીજો અને તેની સઘળી ઉત્પન્નના સફીલહક મળેલી સત્તાની હેઠળ રાજ્ય સરકારે ખરીદેલા સઘળી ખનીજ અથવા ખનીજોની ઉત્પન્ન સદરહુ હક વાપરીને નોટિસમાં, નિર્દિષ્ટ કરેલા જથ્થામાં, તેવા સમયે, તેવી રીતે અને તેવા સ્થળે, શક્ય તેટલા જલદી સોંપવા.

(ખ) હાલની આ જોગવાઈથી મળેલો સફીલહક વાપરવાનો હોય તથા રાજ્ય સરકાર વતી મેળવેલા ખનીજો અથવા તેની ઉત્પન્ન લઈ જવા ભાડે રાખેલા વહાણને, માલ ચઢાવવાના બંદરે વધારે વખત પડી રહ્યા હોય તેનું ડેમરેજ ચઢ્યું હોય તો પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ એવું વહાણ ભાડે આપનારા મંડળીની શરતો અનુસાર ડેમરેજ બદલ લેણી નીકળતી રકમ ભરવી સિવાય કે રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓના કાબૂ બહારના કારણસર વિલંબ થયો છે;

(ગ) આથી મળેલો હક ચલાવીને, રાજ્ય સરકારે સફીલહકથી લીધેલા ખનીજ અથવા ખનીજોની ઉત્પન્નો માટે ભરવાની કિંમત સફીલહકના સમયે પ્રવર્તતા યોગ્ય બજાર ભાવ જેટલી રહેશે. પરંતુ સદરહુ યોગ્ય બજાર ભાવ નક્કી કરવામાં મદદ કરી શકાય તે માટે પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ, ફરમાવવામાં આવે તો સરકારની ગુપ્ત માહિતી બીજા ગ્રાહકોને વેચેલી સદરહુ ખનીજો કે તેની ઉત્પનનોની જથ્થા, વર્ણન અને કિંમત સંબંધી અને તે લઈ જવા માટે નૂર અંગે કરેલા ચાર્ટરની વિગતો રાજ્ય સરકારને પૂરી પાડવી અને રાજ્ય સરકાર આદેશ કરે તેવા અધિકારી કે અધિકારીઓ સમક્ષ એવા ખનિજો કે ઉત્પનોનું નૂર લઈને વેચાણ કરવા માટે કરેલા કરારો અને ચાર્ટરોની અસલ અથવા પ્રમાણિત નકલો રજૂ કરવી.

(ઘ) યુદ્ધની અથવા કટોકટીની પરિસ્થિતિ હોય (જેના માટે ભારતના રાષ્ટ્રપતિ જ નિર્ણય કરશે અને ભારતના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરેલું એવી મતલબનું જાહેરનામું તેની નિર્ણાયક સાબિતી ગણાશે) તે પ્રસંગે, રાજ્ય સરકારને કેન્દ્રીય સરકારની સંમતિથી વખતોવખત અને સદરહુ પરિસ્થિતિ ચાલુ હોય તે દરમિયાન સઘળા સમયે, આ પટ્ટા હેઠળની સદરહુ જમીન ઉપર અથવા તેના સંબંધમાં પટ્ટે રાખનારા/પટ્ટે રાખનારાઓના કાર્યો, પ્લાન્ટ, યંત્ર સામગ્રી અને જગ્યાઓના અથવા આ પટ્ટા હેઠળના કામોનો તરત જ કબજો લેવાનો અને તેનું નિયંત્રણ કરવાનો હક (જે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓને લેખિત નોટિસ આપીને ચલાવવો) રહેશે અને એવા બીજા કબજા અથવા નિયંત્રણ દરમિયાન પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ એવા કામ, પ્લાન્ટો, જગ્યાઓ અને ખનીજો ઉપયોગમાં લેવા સંબંધી કેન્દ્રીય અથવા રાજ્ય સરકારે આપેલ અથવા તેમના વતી અપાયેલા સઘળા આદેશો પ્રમાણે વર્તવું અને તેનું પાલન કરવું. પરંતુ કબૂલાતનામું ન હોય તો રાજ્ય સરકાર નક્કી કરે તેટલું વળતર આ ખંડથી મળેલી સત્તાને કારણે અથવા તે વાપરવાને પરિણામે પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ ભોગવેલી સઘળી ખોટ અથવા નુકશાની બદલ તેને/તેઓને ભરવું અને વધુમાં એવું ઠરાવ્યું છે કે એવી સત્તાની રૂએ, આથી, મંજૂરી કરેલી સદરહુ મુદત સમાપ્ત થશે નહિ અથવા તેનાથી આ લેખની શરતો અને જોગવાઈઓને, ખંડની જોગવાઈઓ અમલી બનાવવા માટે જરૂરી હોય તે કરતાં વધુ અસર થશે નહિ.

*વનવિસ્તારોમાં આગ લગાડવી નહીં.*

૨૩. વિભાગીય વન અધિકારી લેખિત રીતે નિર્દિષ્ટ કરે તેવી શરતો હોય તે સિવાય જો સદરહુ જમીનો અનામત રાખેલા વન વિસ્તારોમાં આવેલી હોય તો પટ્ટે રાખનાર/પટ્ટા રાખાનારાઓએ સદરહુ જમીનો ઉપર આગ લગાડવી નહિ અને પટ્ટે રાખનારે/પટ્ટા રાખનારાઓએ અને તેના/તેમના કામદારો અને નોકરીએ સદરહુ જમીનો ઉપર અથવા તેની નજીક આગ બુઝાવવા માટે તાત્કાલિક મદદ આપવી. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ અથવા તેના/તેમના નોકરોના કૃત્યથી અથવા વર્તનથી લાગેલી આગથી સઘળા નુકશાન બદલ પટ્ટે રાખનાર/ પટ્ટે રાખનારાઓ જવાબદાર ગણાશે અને સદરહુ નુકશાન બદલ વિભાગીય વન અધિકારી આકારે તેટલી વળતરની રકમ ભરવી. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ ભરવા જોગ વળતરની રકમ સંબંધી વિભાગીય વન અધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે અને પટ્ટે રાખનારે/ પટ્ટે રાખનારાઓને બંધનકર્તા રહેશે.

*પટ્ટામાં જણાવેલી ખનીજ/સિવાયના ઉત્પન્ન ઉપર કોઈપણ હક રહેશે નહિ.*

૨૪. (અ) પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ પટ્ટામાં જણાવેલા ગૌણ ખનીજ સિવાયનું બીજું કોઈપણ ઉત્પન્ન ખસેડવું નહિ. પટ્ટે રાખનારે/ પટ્ટે રાખનારાઓએ પટ્ટામાં નિર્દિષ્ટ કર્યા ન હોય તેવા કોઈપણ ખનીજ/ખનીજો તેના/તેમના પટ્ટામાં જણાવેલા વિસ્તારોમાં મળી આવ્યાની યોગ્ય અધિકારી તથા ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ નિયામકને વિના વિલંબે જાણ કરવી.

(બ) પટ્ટામાં નિર્દિષ્ટ કરેલી ન હોય તેવી કોઈપણ ખનીજ/ખનીજો પટ્ટે આપેલા વિસ્તારમાંથી મળી આવે તો તેણે/તેઓએ તેવી ખનીજ/ ખનીજો માટે પટ્ટો/પટ્ટા મેળવ્યા સિવાય તે ખનીજો કાઢવી નહિ અને તેનો નિકાલ કરવો નહિ. જો તે/તેઓ આવી ખનીજ/ ખનીજો મળી આવ્યાના ત્રણ મહિનાની અંદર તેવા પટ્ટા/પટ્ટાઓ માટે અરજી કરવાનું ચૂકે તો યોગ્ય અધિકારી તેવી ખનિજ/ ખનીજો સંબંધમાં બીજી કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓને પટ્ટો/પટ્ટે આપી શકાશે.

(ક) નિયામકની પૂર્વ પરવાનગી લીધા સિવાય, પટ્ટે રાખનારે, આ નિયમો મુજબ ખોદી કાઢેલો ગૌણ ખનીજોનો જે હેતુથી આ ગૌણ ખનીજનું મુખ્ય ખનીજો તરીકે વર્ગીકરણ કરવામાં આવે તે કોઈ હેતુ માટે ઉપયોગ કરવો નહિ.

૨૫. જો કોઈ બેરીલ (Beryl) અથવા અણુશક્તિ અધિનિયમ (સન ૧૯૪૮ ના ૨૯ મા અધિનિયમ) ની કલમ ૩ મુજબ બીજો કોઈપણ 'નક્કી કરેલા પદાર્થ' સદરહુ જમીનોમાં હોવાનું જણાય તો પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ તે ભારત સરકારને ઉપલબ્ધ બનાવવા.

૨૬. જે કોઈ જમીન પટ્ટા માટે મળી શકે તેમ ન હોય એવું પાછળથી જણાયું હોય તેવી જમીનનો પટ્ટામાં સમાવેશ કરવાને કારણે નુકશાની મેળવવા માટે પટ્ટે રાખનારનો/પટ્ટે રાખનારાઓનો દાવો રાજ્ય સરકારની સામે થઈ શકશે નહિ.

૨૭. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ અથવા તેના/તેમના સ્વત્વાપણથી લેનારાઓએ અથવા નામે કરી લેનારાઓએ મકાન બાંધવાને લગતા જે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓ'નું ઉલ્લંઘન કરીને અથવા એવા કોઈપણ કાયદા મુજબ આવા હુક કાઢવાને સક્ષમ હોય તેવા જે કોઈ અધિકારી અથવા સત્તાધિકારી· હકુમતમાં પટ્ટે આપેલો વિસ્તાર આવેલો હોય તેવા કોઈ અધિકારીએ અથવા સત્તાધિકારી તે કાઢેલા કોઈપણ હુકમોનું ઉલ્લંઘન કરીને કોઈપણ મકાન બાંધવું નહિ.

૨૮. પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ ગૌણ ખનીજોના સંરક્ષણ અને વિકાસના સંબંધમાં ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ નિયામક વખતોવખત કાઢે તેવા વાજબી સૂચનો અને ફરમાનોનું પાલન કરવું.

## ભાગ ૮ મો

### *રાજ્ય સરકારના કરારો*

*પટ્ટે રાખનાર પોતાના હક્કો ધરાવી શકશે અને શાંતિપૂર્વક ભોગવી શકશે.*

૧. આથી બાકી રાખેલાં ભાડાં અને રોયલ્ટી ભરનાર અને પટ્ટે રાખનારે/પટ્ટ રાખનારાઓએ પાળવાના અને બજાવવાના આમાં જણાવેલા સઘળા કરારનામા અને કબૂલાતનામાઓનું પાલન કરનાર અને બજાવનાર, પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ આથી મંજૂર કરેલી મુદત માટે અને તે દરમિયાન રાજ્ય સરકાર તરફથી અથવા તેના વતી અથવા તે મુજબ કાયદેસર હક કરતી વ્યક્તિ તરફથી અથવા તેના વતી કોઈપણ ગેરકાયદેસર હરકત કર્યા વિના પોતાના હકો શાંતિપૂર્વક ભોગવશે અને આથી સ્વત્વાર્પિત કરેલી જગાઓ ધરાવશે અને તે/તેઓ સદરહુ હકો ભોગવી શકશે તથા તેવી જગાઓ ધરાવી શકશે.

*બીજા પક્ષકારોની જમીન સંપાદન કરવા અને તેના વળતર બાબત.*

૨. અનુસૂચિના ભાગ ૭ના ખંડ ૪ની જોગવાઈ અનુસાર પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ સદરહુ જમીનોની સપાટી અથવા તેના કોઈપણ ભાગના ભોગવટો કરનારને પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓના સૂચિત કામથી જે કાંઈ નુકસાન અથવા હાનિ થાય તે બદલ વળતર આપવાની દરખાસ્ત કરે અને આ લેખથી પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ તે બાબતની રાજ્ય સરકારને જાણ કરે અને વળતર તરીકે આપવા દરખાસ્ત કરેલી રકમ રાજ્ય સરકારમાં અનામત મૂકે અને જો રાજ્ય સરકારને ખાતરી થાય કે વળતર તરીકે આપવા દરખાસ્ત કરેલી રકમ યોગ્ય અને વાજબી છે તો અથવા જો તેને એવી ખાતરી ન થાય અને પટ્ટે રાખનારે રાજ્ય સરકારને યોગ્ય અને વાજબી લાગે તેટલી વધુ રકમ સરકારમાં અનામત મૂકી હોય, તો રાજ્ય સરકારે, પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓને જમીનમાં દાખલ થવા અને આ પટ્ટાના હેતુ સારૂ જરૂરી હોય તેવા કામો કરવા દેવાનો ભોગવટો કરનારને હુકમ આપવો એવા વળતરની રકમ આકારતી વખતે રાજ્ય સરકારે જમીન સંપાદન અધિનિયમના સિદ્ધાંતોનું પાલન કરવું.

*પટ્ટો તાજો કરી આપવા બાબત.*

૩. જો પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ આથી મંજૂર કરેલી મુદત પૂરી થાય એટલે પટ્ટાથી સ્વત્વાર્પિત કરેલી જગ્યાઓના અથવા તેના કોઈપણ ભાગ અથવા ભાગોનો પટ્ટો વધુ મુદત માટે તાજો કરવા માગતા હોય અને તે/તેઓ સદરહુ નિયમોમાં ઠરાવ્યા પ્રમાણેનો પટો પૂરો થયાના ૯૦ દિવસ અગાઉ યોગ્ય અધિકારીને લેખિત અરજી આપે અને આથી અનામત રાખેલાં ભાડાં તથા રોયલ્ટી ભરે અને આમાં જણાવેલા તથા પટ્ટે રાખનારે/પટ્ટે રાખનારાઓએ આથી મંજૂર કરેલી મુદત પૂરી થતાં સુધી પાળવાના તથા બજાવવાનાં કેટલાક કરારનામાં અને કબૂલાતનામાનું પાલન કરે અને બજાવે તો, યોગ્ય અધિકારી, પટ્ટે રાખનારાની/પટ્ટે રાખનારાઓની વિનંતી અને તેમના ખર્ચ અને તે/તેઓ જરૂર પજે તો તેની સ્થળપ્રત બનાવી રાજ્ય સરકારને આપે એટલે પટ્ટે રાખનારને/પટ્ટે રાખનારાઓને આ પટ્ટાની મુદત કરતા વધારે ન હોય તેવી મુદત માટે, આથી મંજૂર કરેલી મુદત થયાની તરત જ પછીના દિવસ..............................ને (ખનીજો) નાં નામ લાગુ પડતા સદરહુ નિયમો અનુસાર હોય તેવાં ભાડાં અને રોયલ્ટીની અને તેવી શરતોએ તથા તાજો કરવાનો આ વિદ્યમાન કરાર સુદ્ધાં તેવા કરારનામાં તથા કબૂલાતનામાંને અધીન રહીને સદરહુ જગ્યાઓનો નવો પટ્ટો રાખનારને/પટ્ટે રાખનારાઓને કરી આપશે.

૪. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ યોગ્ય અધિકારીની છ મહિના કરતાં ઓછી ન હોય તેવી મુદતની લેખિત નોટિસ આપીને આ પટ્ટો સુપ્રત કરવાને સ્વતંત્ર અને પટ્ટો સુપરત કર્યાની તારીખથી પટ્ટે રાખનારની કાંઈપણ નવી જવાબદારી ઊભી થશે નહિ, પરંતુ ભાડાં, રોયલ્ટી અને વેરા અંગે સઘળા સરકારી લેણા, પટ્ટો સુપરત કર્યાની તારીખ સુધીમાં ચૂકવી દેવા જોઈએ.

*તારણની અનામત રકમ રિફંડ કરવા બાબત.*

૫. આ પટ્ટો સમાપ્ત થયા પછી અથવા તે તાજો કરી આપ્યા પછી છ અંગ્રેજી મહિનાની અંદર યોગ્ય અધિકારી પસંદ કરે તેવી તારીખે, આ પટ્ટાના સંબંધમાં ભરેલી અને તે વખતે રાજ્ય સરકાર પાસે જમા રહેતી અને આ પટ્ટામાં જણાવેલા કોઈપણ હેતુ માટે ઉપયોગ કરવાનું જરૂરી ન હોય તેવી તારણની રકમ પટ્ટે રાખનારને/પટ્ટે રાખનારાઓને રીફંડ કરવી, તારણની અનામત રકમ ઉપર કંઈ પણ વ્યાજ મળશે નહિ.

## ભાગ ૯ મો

## *સામાન્ય જોગવાઈઓ*

*નિરીક્ષણ કરવામાં હરકત કરવા બાબત.*

૧. આ ભાગના ખંડ ૨ અને ૩ માં જણાવેલા પટ્ટા સિવાયના પટ્ટાની શરતો પૈકીની કોઈપણ શરતોનો ભંગ થાય તે કિસ્સામાં યોગ્ય અધિકારી પટ્ટે કરેલા વાર્ષિક નિયત ભાડાની બમણી રકમ કરતાં વધુ ન હોય તેટલો દંડ ભરવાનું ફરમાવી શકશે.

*નિરીક્ષણ કરવામાં હરકત કરવા બાબત.*

૨. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ અથવા તેના/તેઓના સ્વત્વાર્પણથી લેનારાઓ અથવા નામે કરી લેનારાઓ રાજ્ય સરકારે અધિકૃત કરેલા અધિકારીઓને પ્રવેશ અથવા તપાસ કરવાની છૂટ આપે નહિ અથવા તેમ કરવામાં હરકત કરે તો યોગ્ય અધિકારી પટ્ટો રદ કરી શકશે અને સદરહુ નિયમોના નિયમ ૯ મુજબ અનામત મૂકેલી પૂરેપૂરી રકમ અથવા તેનો ભાગ સરકાર દાખલ કરી શકશે.

૩. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ અથવા તેના/તેઓના સ્વત્ત્વાર્પણથી લેનારાઓ અથવા સામે કરી લેનારાઓ સદરહુ નિયમોમાંના નિયમ ૨૨ નાં ખંડો ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, અને ૨૦ માં નિર્દિષ્ટ કરેલી શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ કરે તો અને એવા કોઈપણ દાખલામાં યોગ્ય અધિકારીએ પટ્ટે રાખનારાઓને પટ્ટે રાખનારને અથવા તેના/તેઓના સ્વત્ત્વાર્પણથી લેનારાઓને જેમ હોય તેમ, લેખિત નોટિસ આપવી અને એમાં નોટિસની તારીખથી સાઠ દિવસની અંદર શરતોનો ભંગ થતો અટકાવવાનું તેને/તેઓને ફરમાવવું અને એ રીતે તેવી મુદતની અંદર ભંગ થતો અટકાવવામાં ન આવે તો યોગ્ય અધિકારી સદરહુ નિયમો મુજબ પટ્ટો સમાપ્ત કરી શકશે. પરંતુ આમાંના કોઈપણ મજકૂરથી રાજ્ય સરકારને જે કોઈપણ હક હોય અથવા રાજ્ય સરકાર જે ઉપાય લઈ શકે તે કોઈપણ હક્કે ઉપાયનો આમાં જણાવેલી બીજી કોઈપણ જોગવાઈઓ મુજબ પટ્ટે રાખનારા/પટ્ટે રાખનારાઓ અથવા તેના/તેઓના સ્વત્વાર્પણથી લેનારાઓ અથવા નામે કરી લેનારાઓ સામે અમલ કરવામાંથી રાજ્ય સરકારને અટકાવવામાં આવે છે એમ સમજવું નહિ.

*ભંગ થાય તે કિસ્સામાં શિક્ષા કરવા બાબત.*

૪. જે કરારો અને કબૂલાતનામા ઉપરથી ઉપરોક્ત નોટિસ આપવામાં આવી હોય તે કરારનામા અને કબૂલાતનામાનો પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ ભંગ કરે તે પ્રસંગે, યોગ્ય અધિકારી નોટિસ આપવાને બદલે, સદરહુ નિયમો મુજબ રૂ. ૫૦૦ થી વધારે ન હોય તેટલો દંડ કરી શકશે.

૫. જો પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ સતત છ મહિનાની મુદત સુધી ખાણનું ખોદકામ કરવાનું બંધ કરે તો પટ્ટો રદ થવાને પાત્ર થશે.

પરંતુ પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓને કોઈ વાજબી કારણસર ખાણનું ખોદકામ કરતાં અટકાવવામાં આવે અથવા પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ યોગ્ય અધિકારીની પૂર્વ પરવાનગી લઈને કામ કરવાનું બંધ રાખે તો પટ્ટો રદ થશે નહિ.

*આ પટ્ટાનું અર્થઘટન.*

૬. આ પટ્ટા અથવા પટ્ટામાંની બીજી કોઈપણ બાબત અથા તેની શરતનું અર્થઘટન અથવા આ પટ્ટામાં નિર્દિષ્ટ કરેલ ખાણના ખોદકામ અથવા ગૌણ ખનીજ પદાર્થો સાથે સંકળાયેલી કોઈપણ વસ્તુ અથવા આ પટ્ટા હેઠળ ચાલુ કરેલું ખાણકામ ચાલુ રાખવા અથવા ન રાખવા બાબત, રોયલ્ટી અથવા નિયત ભાડુ આપવાની રકમ બાબત અથવા તેવી રકમ યોગ્ય અધિકારી કેવી રીતે ભરવી તે બાબત કંઈ તકરાર હોય તો તે બાબત રાજ્ય સરકારને લખી મોકલવી અને તેનો નિર્ણય છેવટનો ગણાશે અને તે પટ્ટે રાખનારને બંધકર્તા રહેશે.

*અપવાદ દર્શાવતી કલમ*

૭. આ પટ્ટામાંના કોઈપણ મજકુરથી મુંબઈ જમીન મહેસૂલ નિયમો (૧૯૨૧) માંના નિયમો ૬૭, ૬૮, ૬૯ અને ૭૦ની જોગવાઈઓને અથવા તેના તત્ત્વસમાન કોઈપણ નિયમોને બાધ આવે છે એમ ગણાશે નહિ.

*દેવી આપત્તિ કારણે પટ્ટાની શરતોનું પાલન કરવામાં ચૂક થવા બાબત.*

૮. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓના પક્ષે આ પટ્ટાની કોઈપણ શરતોનું પાલન કરવામાં ચૂક થાય અને એવી ચૂક દેવી આપત્તિને કારણે થઈ હોવાનું રાજ્ય સરકારને લાગે તો તેવી રીતે ચૂક થવાથી રાજ્ય સરકારને પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ સામે કંઈ હક્ક મળશે નહિ અથવા આ પટ્ટાની શરતોને ભંગ થયો છે એમ ગણાશે નહિ.અને તેવી આપત્તિની કારણે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓને પક્ષે આ પટ્ટાઓની કોઈપણ શરતનું પાલન કરવામાં વિલંબ થાય તો, એવા વિલંબ થયાની મુદત આ પટ્ટાથી નક્કી કરેલી મુદતમાં ઉમેરવી. આ ખંડમાં 'દેવી આપત્તિ' એટલે કે દેવી કૃત્ય, યુદ્ધ, બખેડો, હુલ્લડ, ખાનાજંગી, ધરતીકંપ, ભરતીઓટ, વાવાઝોડું, પૂર, વીજળી પડવી, ધડાકો થવો, આગ, ધરતીકંપ અને પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ વાજબી રીતે અટકાવી ન શકે અથવા કાબૂ હેઠળ લાવી ન શકે તેવો બીજો કોઈપણ બનાવ.

*પટ્ટે રાખનાર પટ્ટો પૂરો થયેલી મિલકત ખસેડવા બાબત.*

૯. પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ, આ લેખની રૂએ ભરવાજોગ ભાડાં તથા રોયલ્ટી અગાઉથી ભર્યા પછી સદરહુ મુદત પૂરી થયેથી અથવા તે પહેલાં પટ્ટાની મુદત સમાપ્ત થયેથી અથવા તે પછી છ અંગ્રેજી મહિનાની અંદર (આ ભાગના ખંડ ૧ અને ૨ મુજબ પટ્ટો સમાપ્ત થાય તે સિવાય અને સમાપ્ત થાય તે દાખલામાં એવી સમાપ્તિ પછી ત્રણ અંગ્રેજી મહિનાથી વધારે ન હોય તેવા કોઈપણ સમયે) સદરહુ જમીનમાં અથવા તેની ઉપર પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ ગોઠવેલા જે સઘળા અથવા કોઈપણ એન્જિનો, યંત્ર સામગ્રી, પ્લાન્ટ, બાંધેલી જે ઈમારતો, બાંધકામ, ટ્રામવે, રેલ્વે અને બીજા કામો, ચણતર અને સગવડ, પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ સદરહુ અનુસૂચિના ભાગ ૭ના ખંડ ૨૧ મુજબ રાજ્ય સરકારને સુપ્રત કરવા બંધાયેલો/બંધાયેલા નથી અને જે રાજ્ય સરકાર ખરીદવા માંગતી નથી તે સઘળા અથવા કોઈપણ એન્જિનો, યંત્રસામગ્રી, પ્લાન્ટ, ઈમારતો, બાંધકામ, ટ્રામવે, અને બીજાં કામો ચણતર અને સગવડો પોતાના લાભાર્થે લઈ જઈ શકશે અને દૂર કરી શકશે.

*પટ્ટા સમાપ્ત થયા પછી છ મહિના કરતાં વધુ સમય સુધી પડી રહેલી મિલ્કત સરકારમાં દાખલ કરવા બાબત.*

૧૦. સદરહુ મુદત પૂરી થયા પછી અથવા તે પહેલાં પટ્ટાની મુદત સમાપ્ત થયા પછી અથવા અનુસૂચિના ભાગ ૮ ના ખંડ ૪ માં જણાવેલી જોગવાઈઓ મુજબ પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ સદરહુ જમીનનાં ભાગ અથવા ભાગો સોંપ્યાનું જે તારીખથી અમલમાં આવે તે તારીખ પછી છ અંગ્રેજી મહિનાની આખરે, સદરહુ જમીનમાં અથવા તેના ઉપર, અથવા જેમ હોય તેમ, તેના સોંપી દીધેલા ભાગ અથવા ભાગોમાં અથવા તેના ઉપર, કોઈપણ એન્જિનો, યંત્રસામગ્રી, પ્લાન્ટ, ઈમારતો, બાંધકામો, ટ્રામવે, રેલ્વે અને બીજું કામ, ચણતર અને સગવડો અથવા પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ સોંપી ન હોય તેવી સદરહુ જમીનોના આ ભાગોમાં અથવા ભાવી લાઈસન્સ અથવા ખાણના પટ્ટા મુજબ તેણે/તેઓએ ધરાવેલી બીજી કોઈપણ જમીનોમાં તેના/તેઓને કામોના સંબંધમાં તેને/તેઓને જરૂરી ન હોય તેવી બીજી મિલ્કત પડી રહે, તો તે, રાજ્ય સરકારે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓને તે ખસેડવાનું ફરમાવતી લેખિત ગણાશે. નોટીસ આપ્યા પછી, એક અંગ્રેજી મહિનાની અંદર પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓએ તે ખસેડી ન હોય તો, રાજ્ય સરકારની મિલકત અને તેના સંબંધમાં પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓને વળતર આપવાની અથવા તેને/તેમને હિસાબ રાખવાની જવાબદારી લીધા સિવાય રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવી રીતે વેચી શકશે અથવા તેનો નિકાલ કરી શકશે. અરજદાર પ્રથમ વર્ષ દરમ્યાન........................મે ટન ખનિજનું ઉત્પાદન કરવા માગે છે અને તેની રોયલ્ટી રૂ ..............................લેખે ભરપાઈ કરશે.

*નોટિસ બજાવતા બાબત.*

૧૧. આ લેખથી પટ્ટે રાખનારાઓને આપવાની હોય તેવી દરેક નોટિસ તેવી જમીન પર રહેતી જે વ્યક્તિને એવા નોટિસો સ્વીકારવાના હેતુ સારૂ પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ ફરમાવ્યું/નીમે તેવી વ્યક્તિને લિખત આપવી અને જો તેવી નિમણૂંકો કરવામાં આવી ન હોય તો એવી દરેક નોટિસ પટ્ટે રાખનાર, /પટ્ટે રાખનારાઓને પટ્ટામાં નોંધેલા સરનામે અથવા એવી નોટિસો સ્વીકારવા માટે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓ રાજ્ય સરકારને વખતોવખત લખી જણાવે તેવા ભારતમાંના બીજા કોઈ સરનામે પટ્ટે રાખનાર/પટ્ટે રાખનારાઓને સંબંધીને રજિસ્ટર્ડ ટપાલથી મોકલવી અને એવી નોટિસ યોગ્ય અને કાયદેસર રીતે બજાવવામાં આવી છે એમ ગણાશે અને તેણે તેની સામે વાંધો ઉઠાવવો નહિ.

૧૨. આ ઉત્ખનન પટ્ટો વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ને આધીન રહેશે.

આ લેખ કર્યાની સાક્ષી તરીકે પ્રથમ ઉપર લખેલા વર્ષમાં અને તારીખે નીચે જણાવેલી રીતે આ લેખો કરવામાં આવે છે :-

*ગુજરાતના રાજ્યપાલ માટે અને તેમના વતી,*

૧.....................................

૨.....................................ની

હાજરીમાં સહી કરી.

.........................................માટે અને તેમના વતી.

૧.......................................

૨.......................................ની

હાજરીમાં સહી

**પ્રાપ્તિ સ્થાન : પી.આર.મહેતા, ૩૭, કમલેશ સોસાયટી, જૂના ઢોર બજાર પાસ, અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન નં. ૫૩૨૭૭૨૯**